વર્ષ 3 k સળંગ અંક ૩૮ k નવેમ્બર, ૨૦૦૯ k પાના : ૨૦ k k k Regd. No. MH/MR/South-135 2009-11
RNI Regd. No. MAHGUJ / 2006 / 18379

# શ્રી પાટણ જૈન મંડળ શતાબ્દી વર્ષની ઉજવણીના પ્રારંભે..

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા શતાબ્દી ઉજવણીના પૂર્વ તૈયારીરૂપે સમાજ સેવા ક્ષેત્રે સમાજમાં દરેકે દરેક વર્ગ માટે મંડળના ભવિષ્યના આયોજનો તથા તે અંગેના મંતવ્યો અને વિચાર વિનીમય માટે સમાજના દાતાઓ તથા વિવિધ મિત્રમંડળોના કાર્યકર્તાઓ સાથે, સભાનું આયોજન રવિવાર, તા.૧૫-૧૧-૨૦૦૯ ના સવારે ૧૦.૦૦ કલાકે રાજાપુરીયા બાગ, વિલેપાર્લે ખાતે યોજાયેલ.

શરૂઆતમાં સંસ્થાના માનદમંત્રી (એડ.) **શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહે** જણાવ્યું હતું કે, જીવનના તાણાવાણામાં અટવાયેલા આપણે સૌ વિષમ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છીએ. હકીકતમાં સમગ્ર સૃષ્ટિનું સર્જન પરમ પિતા પરમેશ્વરે કર્યુ છે અને માનવ માત્રની હયાતી પર તેના હસ્તાક્ષર અંકિત છે. પ્રકૃતિ સાથેના લય, સંવેદનની ઉત્કટતા અને સંબંધની પાકટતા થકી સંપર્ક સેતુની સરિતા સ્વયંસિધ્ધ કરી સતત વહેતી રાખવી છે. બાદબાકી અને ભાગાકાર કરતાં સંસ્કાર, શિક્ષણ અને સહકારના સરવાળા અને ગુણાકાર થકી સામાજિક સુમન મહેકતા અને મહોરતા રાખવા છે અને તે જ મુખ્ય આશયે આપણી આજની આ સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

સમારંભના પ્રારંભે મંડળના માનદમંત્રી(એડમી.) **શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ** દ્વારા સર્વેને સહૃદયે આવકાર આપવામાં આવેલ. ત્યારબાદ પોતાના વિચારો અને મંતવ્યો જણાવતાં કહ્યું હતું કે, સમાજના ઉષ્માભર્યા સહકાર, દાનવીરોના અસ્ખલિત દાન ગંગાના પ્રવાહ અને સંનિષ્ઠ કાર્યકર્તાઓની નિઃસ્વાર્થ સેવાના ત્રિવેણી સંગમે છેલ્લા ૯૭ વર્ષથી આ સંસ્થા સેવાકાર્ય કરી રહી છે, અને અનેક સિધ્ધિઓ પ્રાપ્ત કરી પોતાની શતાબ્દી ઉજવવાના ઉંબરે આવીને ઉભી છે.

ઉત્સાહના અતિરેકમાં અનેક સામાજિક સંસ્થાઓ ઉભી થઈ જતી હોય છે. પરંતુ તેને લાંબુ અસ્તિત્વ રહેતું હોતું નથી. છતાં પણ ઘણી સંસ્થાઓ સિલ્વર જયુબિલી પણ ઉજવી છે. પરંતુ ખુબ જ જૂજ સંસ્થાઓ પોતાની શતાબ્દી ઉજવવા સુધી પહોંચી શકી છે. નજીકના ભવિષ્યમાં જ આપણી આ માતૃસંસ્થાને પણ આવી અનેરી સિધ્ધિ પ્રાપ્ત થવાની છે. ત્યારે આ સિધ્ધિને ઝળહળતી બનાવવા હાલની પ્રવૃત્તિઓનું UPGRADATION નવી પ્રવૃત્તિઓનું આયોજન તથા સમાજ વિકાસના મુદ્દે સમાજ સાથે પરસ્પર વિચારોની આપ-લે કરવી આવશ્યક છે.

આજે આપણે નાના નાના છોડ વાવીશું તો જ આપણી આવનાર પેઢી આના મીઠા ફળ મેળવી શકશે. પાટણનો શિક્ષિત અને સાધન સંપન્ન સમાજ જો પોતાનો થોડો ભોગ આ સંસ્થાને આપે તો આ સંસ્થા કદાચ દ્વિશતાબ્દી ઉજવશે તો પણ આપણને આશ્ચર્ય નહીં લાગે.આપણા પ્રબળ પુણ્યોદયે આવી મહામુલી સામાજીક સંસ્થાનો વારસો આપણને મળ્યો છે. જે વારસાનું જતન કરી તેની માવજત કરી આવનાર પેઢીને આ વારસો આપવાની આપણી ફરજ બની રહે છે.

આવો આપણે સૌ સાથે મળી દાયકાઓ પહેલાં પ્રગટાવેલી સેવાભાવનાની આ જયોતને વધુ પ્રજવલિત બનાવીએ.

વધુમાં મંડળની પાટણ ખાતેની પ્રોપર્ટીઓના વિકાસાર્થે શ્રી રાજુભાઈએ જણાવ્યું હતું કે,

## ૧. બોર્ડીંગ (છાત્રાલય) :

આપણી માતૃસંસ્થા શ્રી પાટણ જૈન મંડળની સ્થાપના આજથી ૯૭ વર્ષ પહેલાં શિક્ષણના પ્રસાર સાથે સમાજ ઉન્નતિના ધ્યેયથી પાટણ ખાતે થઈ હતી.

સ્થાપનાના પ્રથમ વર્ષમાં જ વિદ્યાર્થીઓ માટે બોર્ડીગની વ્યવસ્થા પુરી પાડવા ફાટીપાળ દરવાજા બહાર દાનવીર શેઠ શ્રી જેશીંગભાઈ ઝવેરચંદ ગુમાનચંદે (તંબોલીવાડો) પોતાની વાડી, બાગ-બગીચા સાથેની વિશાળ જમીન સંસ્થાને ભેટ આપી. આ બોર્ડીગ ઘણા વર્ષો સુધી ચાલી. ત્યારબાદ આપણાં સમાજનો દિનપ્રતિદિન પાટણ બહાર વસવાટ થતો ગયો જેથી જૈન વિદ્યાર્થીઓની સંખ્યા નહિવત થતાં બોર્ડીગ બંધ કરવી પડી. આજે આ બોર્ડીગની વિશાળ જગા સુષુપ્ત અવસ્થામાં પડેલી છે. આજે આ આખા કેમ્પસને સુષુપ્ત અવસ્થામાંથી જીવંત બનાવવાની ખુબ જ જરૂરિયાત છે અને તે માટે ઘણું બધુ વિચારી શકાય છે.

અ) **હોસ્ટેલ** : પાટણ આજે વિદ્યાનું ધામ બની ગયુ છે. સેંકડો વિદ્યાર્થીઓ પાટણ બહારથી અભ્યાસ માટે આવી રહ્યા છે. જો આ જગ્યાને હોસ્ટેલ તરીકે વિકસાવીએ તો આ જગ્યા એક જીવંત કેમ્પસ બની રહેશે સાથે સાથે દાતાની શિક્ષણની ભાવનાઓ પણ સાકાર થશે અને તેમાંથી થનાર આવક સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓના સહાય ખર્ચમાં પુરક બની રહેશે. આ માટેનું જરૂરી માળખુ પણ આપણી પાસે છે જેને રીનોવેટ કરી આ પ્રવૃત્તિનો પ્રારંભ થઈ શકે તેમ છે.

બ) **સીનીયર સીટીઝન રેસ્ટ હાઉસ** : કુદરતી સૌંદર્ય ધરાવતા આ કેમ્પસમાં આવેલ વિશાળ પ્લોટ મલ્ટી પરપઝ વપરાશ માટે પણ વિકસાવી શકાય. જેમ કે, એક ભાગ ફાર્મ હાઉસના રૂપમાં બનાવી ત્યાં ૭ થી ૮ સીંગલ રૂમ (કોટેજ) બનાવી પાટણની બહાર વસતા સમાજના સીનીયર સીટીઝન માટે સીનીયર સીટીઝન રેસ્ટ હાઉસ બનાવી શકાય. જયાં સીનીયર સીટીઝન બહારગામથી ફરવા માટે આવી વતનની યાદોને વાગોળી શકે.

ક) **છ'રિ પાલિત સંઘ ઉપયોગ** : આ કેમ્પસમાં દેરાસર, પ્રાર્થના હોલ અને ડાઈનીંગ હોલ વિગેરે ઉપલબ્ધ છે. જેથી પાટણથી બાયપાસ થતા છ'રિપાલિત સંઘને ઉપયોગી થાય તેવું માળખુ વિકસાવી શકીએ. આમ કરવાથી ધર્મ ક્ષેત્રે દેશભરમાં આ જૈન સંસ્થાની સુમધુર સુવાસ ફેલાશે અને ભેટના રૂપમાં આવતી રકમ આવકનુ એક સ્ત્રોત બની રહેશે.

ડ) **પાર્ટી પ્લોટ** : વિશાળ જમીનના એક ભાગને પાર્ટી પ્લોટ તરીકે વિકસાવીએ તો પાટણ શહેરના લોકો માટે લગ્ન સમારંભ, પાર્ટી, સભાઓ ઈત્યાદિ માટે એક સુવિધા ઉભી કરી શકીશું. આ પ્રવૃત્તિ કરવાથી સેવાની સાથે આવકનું સાધન પણ શરૂ થઈ શકે.

આ ઉપરાંત પર્યટક સ્થળ, પાટણ વિશેનુ ઐતિહાસિક અને જૈનઝમ મ્યુઝીયમ વિગેરે રૂપમાં તેનો વિકાસ કરી શકીએ.

## ૨. બી.ડી.સાર્વજનિક વિદ્યાલય :

આપણી બીજી પ્રોપર્ટી આજ વિસ્તારમાં આવેલી છે. જયાં આજથી લગભગ ૬૫ વર્ષ પહેલાં બી.ડી.સાર્વજનિક વિદ્યાલય શરૂ કરી હતી. છેલ્લા ૨ વર્ષથી તેનું નૂતનીકરણ કરી આધુનિક શૈક્ષણિક સુવિધાઓ ઉભી કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. લગભગ ૪૦ લાખ જેટલી રકમ અત્યાર સુધીમાં ખર્ચાઈ છે. પાટણ ગામના લગભગ ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ શિક્ષણ પ્રાપ્ત કરી પોતાનું જીવન ઘડતર કરી રહ્યા છે. આવનાર શતાબ્દી સમયે આને એક આદર્શ વિદ્યાલય બનાવવાનુ સંસ્થાનું સ્વપ્ન છે.

## ૩. દિવાળીબાઈ ઉદ્યોગશાળા :

ત્રીજી પ્રોપર્ટી ગોળશેરી ખાતે આવેલ દિવાળીબાઈ ઉદ્યોગશાળાના નામે જાણીતી છે. અહી વર્ષો પહેલા બહેનો માટે શીવણ, ગુંથણ જેવી ઉદ્યમ પ્રવૃત્તિઓ ચાલતી હતી પરંતુ ક્રમશઃ તે પણ બંધ પડતા આજે આ મકાનમાં ફકત સાધુ-સાધ્વીજી ભગવંતને ધાર્મિક અભ્યાસ માટેની પ્રવૃત્તિના ઉપયોગમાં છે. આ મકાન પણ ૭૫ વર્ષ જુનું જર્જરીત અવસ્થામાં છે, જેને નવેસરથી બાંધી અને ત્યાં નીચે મુજબની વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરી શકાય.

**અ) મલ્ટીનેશનલ કંપની - બેન્ક :**

ગ્રાઉન્ડ ફલોરનો એક ભાગ મલ્ટીનેશનલ કંપનીને અથવા તો બેન્કને આપી મકાન બાંધવાનો પુરો ખર્ચ મેળવી શકાય છે. સાથે ગ્રાઉન્ડ ફલોરમાં મેડીકલ ચેકઅપ સેન્ટર ઉભુ કરી મેડીકલ ક્ષેત્રે પાટણની જનતા માટે સેવા પ્રદાન કરી શકીએ છીએ.

શહેરના મધ્ય ભાગમાં આ મકાન આવેલું છે. જેથી લઈને ફર્સ્ટ ફલોર પર લેડીઝ હોસ્ટેલ શરૂ કરી શૈક્ષણિક ક્ષેત્રે સેવાની સાથે આવકનું સાધન ઉભુ કરી શકાય છે. લેડીઝ હોસ્ટેલ માટે ખરેખર આ એક યોગ્ય જગ્યા છે. આ ઉપરાંત હાલની સાધુ ભગવંતોની અભ્યાસની પ્રવૃત્તિ માટે પણ સારી સુવીધા આપી શકીશું.

બીજા માળે ૪ થી ૫ લકઝરીયસ ફલેટ (શુટ રૂમ) ટાઈપ બનાવીએ તો પાટણ બહાર વસતા પટ્ટણીઓને પણ પોતાના વતન આવે ત્યારે સુવિધાઓ સાથેની ઉત્કૃષ્ટ રહેવાની સગવડતા આપી શકીએ.

## ૪. અતિથિગૃહ :

ચોથી પ્રોપર્ટી આપણું અતિથિગૃહ છે. જેને આધુનિક સુવિધા યુકત બનાવવાની ખાસ જરૂરિયાત છે. તેની શરૂઆત તો થઈ ગઈ છે. અને આવતા બે વર્ષમાં તેને પૂર્ણ પણે આધુનિક બનાવવાનો અમારો ધ્યેય છે.

આપણાં સૌનો આ ઐતિહાસિક નગરી સાથે જન્મથી નાતો બંધાયેલો છે. માતૃભૂમિ સાથેના સંબંધો પ્રત્યે આલ્લાદક અનુભૂતિ થયા વગર રહેતી નથી. પટ્ટણીઓની આ વડીલો પાર્જીત મિલ્કતો છે જેનું નવનિર્માણ કરી અને આવનાર પેઢીને આ શતાબ્દી સમયે ભેટ ધરીએ એજ આપણી સાચી ફરજ છે. આ માટે દાતા વર્ગ અને કાર્યકર્તા વર્ગને

સંસ્થાનું આહ્‌વાન છે કે તેઓ આમા રસ લે અને સાથે સાથે આપ સર્વને અમારી નમ્ર વિનંતી છે કે, આપ આપના વિચારો અમોને લખીને મોકલાવો જેથી એક ઉત્કૃષ્ટ નવનિર્માણ શકય બને.

જીવન સૌરભ સમિતિના માનદમંત્રી **શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહે** પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, સમાજનું એક અદ્યતન સુવિધાઓ સાથેનું હોલી ડે હોમ દેવલાલી કે પંચગીની ખાતે નિર્માણ થાય તો તેનો સમાજનો બહોળો વર્ગ લાભ લઈ શકે અને તેનું મેનેજમેન્ટ પ્રોફેશનલ ધોરણે કરાય તો આવકનું સાધન પણ બની રહે. આ યોજનાનો ખર્ચ અંદાજે સાતથી આઠ કરોડ થવા સંભવ છે. પ્રોજેકટની બ્લુપ્રિન્ટ તૈયાર થયે તેની વિસ્તૃત માહિતી અનુકુળતાએ મંડળના મુખપત્ર પાટણ પ્રતિબિંબમાં પ્રકાશીત કરવામાં આવશે.

પાટણ પ્રતિબિંબના માનદમંત્રી **શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ** દ્વારા પોતાના પ્રવચનમાં જણાવવામાં આવ્યું હતું કે, આપણી સંસ્થા શ્રી પાટણ જૈન મંડળ, પોતાની કારકીર્દિના ૯૭ વર્ષ પુરા કરીને, ઈંટથી ઈમારત સુધીની યાત્રા અને શતાબ્દીની યશસ્વી મંઝીલ નજીકના ભવિષ્યમાં પુરી કરવાની તૈયારીમાં છે.

આપણા સમાજના ઉત્કર્ષ માટે સમયની માંગ મુજબ વર્તમાન કાળમાં આવાસ (રહેઠાણ) યોજના, સેનેટોરીયમ (હોલી ડે હોમ), લગ્નની વાડી અથવા હોલ સાથે પાંચેક રૂમ, મેડીકલ ક્ષેત્રમાં અથવા કોલેજમાં ડોનર સીટ, હોસ્પીટલમાં બેડ અને શિક્ષણ ક્ષેત્રમાં સ્કુલમાં સીટ વિ. યોજનાઓની જરૂર છે. આ યોજનાઓમાં સૌ પ્રથમ નાલાસોપારા, મીરારોડ, નાયગાંવ જેવા મુંબઈના પરાઓમાં નવા રહેઠાણ ઉભા કરવાની જરૂર છે. વ્યાજબી ભાવે પ્લોટ ખરીદીને, ન નફો, ન નુકશાનના ધોરણે આપણાં સમાજના બિલ્ડરો, જો કામ હાથમાં લઈ લે તો તેઓનું બહુ જ મોટુ યોગદાન સમાજને મળી રહે. જરૂરિયાતવાળા પરિવારોને હપ્તાથી, લોનથી, રાહત દરે ઘર આપી શકાય. કોઈ સારા બિલ્ડર પાસે તૈયાર આ પ્રોજેકટ હોય તો આપણાં સમાજના અનુભવી સિવીલ એન્જીનીયરો, બિલ્ડરો, તે પ્રોજેકટની ઉત્તમ ગુણવત્તાની ચોકસાઈ કરીને આપણને માર્ગદર્શન આપી શકે છે. આઠ લાખમાં આજે પણ તૈયાર ઘર મળી જાય છે. ૫૦૦ સ્કે.ફીટના કચ્છી જૈન ફેડરેશને લીધા છે.

જૈન સમાજના ચારેય ફિરકા ભેગા મળીને એક તમારા સપનાનું ઘર નામે નાલાસોપારા ખાતે પ્રોજેકેટ તૈયાર કરી રહ્યા છે. જેમાં ઘોઘારી સમાજ, ઝાલવાડી સ્થા.વાસી, દેરાવાસી, સોરઠ વિસા શ્રીમાળી અને કચ્છી સમાજ, જોડાવાના છે. લગભગ બધાએ ૧૦૦-૨૦૦ ઘરની જરૂરિયાત બતાવી છે. એક ટાઉનશીપ પ્લાન છે. જેમાં દેરાસર, ઉપાશ્રય, સ્થાનક વાસી ઉપાશ્રય, લાયબ્રેરી, નર્સિંગ હોમ તથા અન્ય સાધન સગવડો ઉભી કરવાની છે. હમણાં પ્લાન બી.એમ. સી.માં પાસ થવા ગયા છે, બે વર્ષનો આ પ્રોજેકટ છે.

બીજી મહત્વની યોજના છે - લોનાવાલા, પંચગીની, દેવલાલી ખાતે સેનેટોરીયમ (હોલી ડે હોમ ) બનાવી શકાય અને તૈયાર પણ લઈ શકાય તેમ છે. કપોળ, ઝાલાવાડી, કચ્છી, પટેલ જેવી અનેક સંસ્થાઓએ બનાવેલ છે. દિગંબર જૈન સમાજ દેવલાલીમાં વધારે બનાવે છે. આધુનિક સગવડ ધરાવતી વીસેક રૂમ હોય, ડાયનીંગ રૂમ, સ્વાધ્યાય હોલ, રમતગમતના સાધનો, જીમ્નેશ્યમ વિ. સુવિધા સાથે સુંદર મઝાનું બની જાય. પંચગીનીમાં કિશોર નંદલાલ શાહે, જૈનો માટે ૨૦ બ્લોકની સંપૂર્ણ સુવિધા સાથે સેનેટોરીયમ બનાવી છે. જેમાં ગેસ સાથે બધી જ ઘરવખરી, ફ્રીઝ, ટી.વી., ગાર્ડન, પ્લેગ્રાઉન્ડ અને સર્વન્ટ સાથેની વ્યવસ્થા કરી છે. ૩૫૦ સ્કે.ફીટથી ૪૫૦ સ્કે. ફીટની રૂમો બનેલ છે. આવકનું ઉત્તમ સાધન બની રહેશે. નિવૃત્ત થયેલા દંપતિને દેખભાળ માટે રાખી શકાય તો તેમની આર્થિક જરૂરયાત પુરી કરવામાં સહાયકારક બની રહેવાનો લાભ મળે.

ત્રીજી યોજના લગ્નની વાડી અથવા હોલ માટેની છે. આ યોજના મુંબઈના પરામાં સાંતાક્રુઝ, અંધેરી, ગોરેગામમાં સાકાર કરી શકાય તેમ છે. સમાજના પરિવારોને લાભ મળી શકે, આપણે સમુહલગ્નમાં તેમજ અન્ય પ્રસંગોમાં ઉપયોગમાં લઈએ તો અન્ય ખર્ચામાંથી મુકિત મળે. કેટરીંગ, ડેકોરેશનની મોનોપોલી આપી દેવાના કારણે સારામાં સારી આવકનું સાધન બની જાય તેમ છે. ભાડાની આવક સારો નફો કરાવી આપશે. સમાજના આગેવાનોએ ખાસ ધ્યાનમાં એ રાખવાનું છે કે, લગભગ આપણો વિશાળ પરિવાર અહીં મુંબઈ ખાતે જ રહે છે. ત્યારે અહીંની જરૂરિયાતો પર જ પ્રાધાન્ય આપવું જોઈએ.

શતાબ્દી વર્ષની શાનદાર ઉજવણીના પ્રસંગે જે ભાવના સેવી છે, તેવા આયોજનોમાં સમાજના લોકો તન-મન-ધનથી જોડાશે. નાના મોટા સૌ કોઈને પણ આ આયોજનો પસંદ પડે તેવા જ છે. દરેકે દરેક પરિવારો સાથી હાથ બઢાના સુત્રને અપનાવીને ખુબ જ સુંદર રીતે સાથ, સહકાર આપશે અને શ્રી પાટણ જૈન મંડળનું નવનિર્માણ કરીને એક નવી ગૌરવવંતી ગરિમા પ્રદાન કરશે.

મંડળના ઉપપ્રમુખ **શ્રી ભરતભાઈ નેમચંદ શાહ** દ્વારા શ્રીમતી ભારતીબેન તથા શ્રી રાજુભાઈના મંતવ્યને સમર્થન આપતાં જણાવેલ કે, સમાજનો ૭૦ થી ૮૦ ટકા વર્ગ મુંબઈ ખાતે સ્થિત હોઈ, તેને અગ્રતાક્રમે રાખી મુંબઈ ખાતે પ્રથમ આયોજનને સ્વીકારવું જોઈએ. વધુમાં પાટણ જૈન મંડળ ૯૭ વર્ષ જુની સંસ્થા છે, પણ તેનું કાયમી ભંડોળ રૂા.૧૦ કરોડ છે. આટલા ભંડોળમાંથી અંદાજે સમાજની ૨૦ થી ૨૫ ટકા જરૂરિયાતો જ સંતોષી શકાય, તેથી ભંડોળ વધારવા અંગેના સઘન પ્રયાસો કરવા જોઈએ. તેના સ્તુત્ય પ્રયાસરૂપે શિક્ષણ, સ્વાસ્થ્ય અને સ્વાવલંબન માટે **સમાજ વિકાસ ફંડ** શરૂ કરવામાં આવેલ છે. જેને સમાજ તરફથી સુંદર સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે. સહાયની અરજીઓ બનતી ત્વરાએ મંજુર રાખી સહાયક થવાના પ્રયત્નો થઈ રહ્યા છે.

આ ઉપરાંત વિદ્યાર્થીઓને મોટી રકમની વગર વ્યાજથી

લોન આપી શકાય અને મજકુર લોન તેઓના અભ્યાસ પૂર્ણ થયા બાદ નિયત હપ્તાથી પરત કરી શકાય તેવા શુભ આશયથી **રીવોલ્વીંગ ફંડ** પણ શરૂ કરવામાં આવેલ છે, જેમાં આપ સૌનો સહયોગ મળવો ખુબ જ આવશ્યક છે.

હાલમાં મંડળમાં મર્યાદિત સંખ્યામાં સભ્યો છે, તેના બદલે દરેકે પરિવારોની મંડળના સભ્ય બનવાની નૈતિક જવાબદારી છે.

સને ૨૦૦૮ ના સહાયના આંકડાઓની સરખામણીએ તા.૧૫-૧૦-૨૦૦૯ ના આંકડા પર નજર ફેરવશો તો લગભગ બમણી સહાય ચુકવાઈ ગયેલ છે અને હજુય અરજીઓ આવેથી સહાય ચુકવવામાં આવશે. મંડળ દ્વારા શિક્ષણ સહાય માટે રૂા.૪૫,૫૦,૦૦૦/- મેડીકલ સહાય માટે રૂા.૪૩,૭૫,૦૦૦/- તથા સમાજ વિકાસ માટે રૂા.૩૫,૩૦,૦૦૦/- નું બજેટ મંજુર રાખવામાં આવ્યું છે, જેની જાહેરાત કરતા આનંદ થાય છે.

મંડળના પ્રમુખ **શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ** દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, આપણી માતૃસંસ્થા શ્રી પાટણ જૈન મંડળની **સેન્ટેનરી સેલીબ્રેશન**ની પૂર્વ તૈયારી માટે આજે શ્રી પાટણ જૈન મંડળના હોદ્દેદારો, વિવિધ મિત્રમંડળોના હોદ્દેદારો અને સમાજના દાતાઓની એક જોઈન્ટ મીટીંગનું આયોજન કર્યુ છે. આ ૧૦૦ વર્ષની ઉજવણીના ૫ વર્ષ દરમ્યાન આપણાં મંડળ દ્વારા ત્રણથી ચાર સમાજ ઉપયોગી પ્રોજેકટસ જેવા કે, **વેબસાઈટ અને ઓનલાઈન વસતીપત્રક, હોલી ડે હોમ ઓન હીલ સ્ટેશન નિયર મુંબઈ, લો કોસ્ટ હાઉસીંગ પ્રોજેકટ એટ નાલાસોપારા, રીડેવલપમેન્ટ ઓફ પ્રોપર્ટીઝ એટ પાટણ** વિગેરે શરૂ કરવા છે અને મંડળનું કોરપસ ફંડ રૂા.૧૦ કરોડથી વધારી રૂા.૨૫ કરોડ કરવું છે.

આમ સમાજની ૨૧ મી સદીની જરૂરિયાતો ધ્યાનમાં રાખી આવા નૂતન આયોજનો દ્વારા શ્રી પાટણ જૈન મંડળની બીજી સદીની શરૂઆત કરવી છે, જેથી આપણી ભવિષ્યની પેઢી મંડળની પ્રગતિ દ્વારા સમાજ સેવાના કાર્યોમાં ઉત્તરોત્તર વધારો કરી શકે.તે માટે ઘણાં મોટા ફંડની આવશ્યકતા રહેશે. સમાજમાં એક મુવમેન્ટ દ્વારા, અભિયાન દ્વારા દાતાઓમાં જાગૃતિ લાવવી પડશે. સમાજ આ બાબતમાં જાગ્રત થશે, તો મંડળ તરફની જવાબદારી સૌને સમજાશે અને સમાજ માટેની ફરજ ઓળખાશે.

છેલ્લા ૫૦ વર્ષોમાં મુંબઈમાં પટ્ટણીઓની વસ્તી ઘણી વધી છે. આપણો સમાજ આર્થિક રીતે પણ ઘણો સધ્ધર થયો છે. સમાજના ઘણા મોટા વર્ગને કરોડપતિની કેટેગરીમાં મુકી શકાય તેમ છે. તેમ છતાં આપણા મંડળે કરોડ રૂપિયાનું દાન કયારેય મેળવ્યું નથી. હકીકતમાં તો આ વર્ષના એપ્રિલ મહિનાના છેલ્લા અઠવાડીયામાં શ્રી પ્રવીણભાઈ કેશરીચંદ શાહ તરફથી તેમના ધર્મપત્નીના સ્મરણાર્થે શિક્ષણ સહાય ખાતે આપેલ દાન માટે ૨૫ લાખ રૂપિયાનો ચેક એ અત્યાર સુધીમાં મંડળને એકીસાથે દાન પેટે મળેલો સર્વાધિક રકમનો ચેક હતો.

સમાજનો બહુ મોટો વર્ગ પાટણ જૈન મંડળથી અલિપ્ત રહ્યો છે, દુર રહ્યો છે. તેમાના કેટલાક અન્ય ક્ષેત્રોમાં કરોડોના દાન આપે છે, પણ આપણું મંડળ મોટું દાન મેળવી શકેલ નથી. **આપણા સૌની આવી ઉદાસીનતા અને નિષ્ક્રીયતાને કારણે** આપણે શ્રી પાટણ જૈન મંડળ જેવી અજોડ સંસ્થા દ્વારા મુંબઈ ખાતે આપણી સ્કુલ, કોલેજ, હોસ્પીટલ કે પરામાં આપણું ગેસ્ટ હાઉસ, કોમ્યુનિટી હોલ વગેરે એસ્ટાબ્લીશ કરવાનું ચુકી ગયા છીએ.

આપણને આ ૧૦૦ વર્ષની ઉજવણીની તક મળી છે. ત્યારે આપણે સૌ એકત્રીત થઈ, સંગઠીત થઈ અને સક્રિય થઈએ. મોટા દાનનો પ્રવાહ મંડળ તરફ વહાવીશું તો આપણે નિર્ધારેલા પ્રોજેકટસનો અમલ કરી શકીશું. કોરપસ ફંડ માટે રૂા.૨૫ કરોડનું ટારગેટ હાંસલ કરી શકીશું.

આપણી આ મહાન સંસ્થા બાબતે આપણી મેમરી રીફ્રેસ કરવાની ખાસ જરૂર છે. આપણે સૌ ભાગ્યશાળી છીએ કે આપણને આવી ઉચ્ચ કોટીની સંસ્થા વિરાસતમાં મળી છે. જે સાચા અર્થમાં **ડોનર કલબ** છે. મંડળમાં દાન આપનાર મેનેજીંગ કમિટીના સભ્ય બને છે. મેનેજીંગ કમિટી દ્વારા સમાજની સહાય અને અન્ય પ્રવૃત્તિઓનું સંચાલન થાય છે. **દાતાઓ જ મંડળના કાર્યકર્તાઓ હોય છે** તેથી દાતાને પોતાનું આપેલું દાન કેમ વપરાય છે તેનો ખ્યાલ રહે છે. આ કારણે જ શ્રી પાટણ જૈન મંડળની ૯૭ વર્ષની કારકીર્દિ એકદમ નિષ્કલંક રહી છે.

આપણા આદ્યસ્થાપકો, વડવાઓ અને અમારા પુરોગામીઓએ **કાર્યકર્તાઓ પોતાના ખર્ચે કાર્ય કરે** એવી ઉચ્ચ પ્રણાલિકા પ્રસ્થાપિત કરી છે. મંડળના કામે પાટણ જાય, અતિથિગૃહમાં ઉતરે, મંડળની મીટીંગમાં ચા-પાણી વગેરે બધો ખર્ચ કાર્યકર્તાઓ પોતે ભોગવે છે. આજના જેવી મીટીંગ માટે કેટરીંગનો ખર્ચ પણ કાર્યકર્તાઓ ભોગવે છે. આપણને પટણી હોવાનું ગૌરવ અપાવે તેવું આપણું મંડળ અન્ય સંસ્થાઓ માટે પ્રેરણારૂપ છે. ૯૭ વર્ષે પણ મંડળ ઘણી મજબુત સ્થિતિમાં છે. એકદમ કાર્યરત છે અને ઘણા મોટા કાર્યો કરવા સક્ષમ છે. આપણાં સૌની ફરજ છે કે મંડળને વધુ મજબુત બનાવી સંસ્થાની બીજી સદી ઘણી વધારે ગૌરવવંતી બનાવીએ.સમાજની દરેકે દરેક વ્યકિત એક સાંકળ બની, સ્વૈચ્છીક રીતે ઋણભાવથી દાન આપવાનું એક વાતાવરણ ઉભુ કરશે તો મને નથી લાગતું કે, આપણું કાર્ય અધૂરૂ રહેશે.

આજની આ સભાના આયોજન પાછળનો આશય એટલો જ છે કે, સમાજમાં જાગૃતિ આવે, મંડળ તરફ દરેકનું આકર્ષણ વધે, મંડળની પ્રગતિ અને પ્રવૃત્તિઓથી સૌ વધુ માહિતગાર બને અને પાટણની દરેકે દરેક વ્યકિત ૧૦૦ વર્ષની ઉજવણીમાં અત્યારથી જ ભાગીદાર બને.

આ ઉપરાંત વિલેપાર્લે - અંધેરી - સાંતાક્રુઝ મિત્રમંડળના કાર્યકરો દ્વારા કરવામાં આવેલ પ્રયત્નોને લીધે દાતાઓ દ્વારા સમાજ વિકાસ ફંડમાં દાન નોંધાવેલ છે, તેની સહર્ષ જાહેરાત કરવામાં આવેલ. તેમજ મંડળની વેબસાઈટ ડેવલપ કરનાર વખતજીની શેરીના શ્રી રાજેન્દ્રભાઈ ભગુભાઈ શાહના સુપુત્ર

ચિ. સચિન દ્વારા અત્યાર સુધી ડેવલપ થયેલ વેબસાઈટ વિશેની ટૂંકમાં માહિતી પુરી પાડવામાં આવેલ.

વિશેષમાં સમાજ વિકાસ ફંડની પ્રાપ્તી માટે વિવિધ વિસ્તારના કાર્યકરો તથા મંડળના હોદ્દેદારો-ટ્રસ્ટીઓની વિવિધ સમિતિની કરવામાં આવેલ સંગઠનની જાહેરાત કરવામાં આવી.

મંડળના ઓનલાઈન વસતીપત્રક અંગે સમાજની નિષ્ક્રીયતા દાખવતા ૩૪૦૦ પરિવારોમાંથી માત્ર ૧૮૦૦ પરિવાર દ્વારા જ ફોર્મ ભરાયેલ છે, તેની જાહેરાત કરવામાં આવેલ. બાકીના પરિવારોનો સંપર્ક સાધવા. સમિતિના મંત્રીઓ, કો-ઓર્ડીનેટરોના પ્રયત્નો ચાલુ છે.

આ પ્રસંગે ઉપસ્થિત શ્રોતાજનોમાંથી શ્રી હેમંતભાઈ કાંતીલાલ સાલવી, શ્રી શેતલ કિરીટભાઈ શાહ (જાપાનવાળા), શ્રી દાનેશભાઈ ભગવાનદાસ શાહ (માટલીવાળા), શ્રી જયરાજભાઈ ડાહ્યાભાઈ શાહ તથા શ્રી કિરીટભાઈ બિપીનચંદ્ર શાહ (જાપાનવાળા) દ્વારા વેબસાઈટના ગેરઉપયોગ રોકવા, સમાજની રોટી-કપડા-મકાનની જરૂરિયાતોને પ્રાથમિકતા આપવા, સમાજ સંસ્થાની વધુ નજદિક આવે તેવા પ્રયત્ન કરવા, ઓનલાઈનની સાથોસાથ પુસ્તક રૂપે વસતીપત્રક પ્રકાશન કરવા, મુંબઈના અલગ અલગ વિસ્તારો પ્રમાણે અવારનવાર સેમીનારોના આયોજન કરવા, પ્રોફેશનલ માણસો રાખી ઘરોઘર જઈ વસતીપત્રક ફોર્મ ભરાવવા જેવા વિવિધ સુચનો આપવામાં આવેલ તેની નોંધ લેવામાં આવી.

ત્યારબાદ શ્રી સચીન રાજેન્દ્રભાઈ શાહ દ્વારા ઓડીયો વીઝયુલ સ્ક્રીન દ્વારા મંડળની વેબસાઈટ તથા વસતીપત્રક માહિતીના ઉપયોગ, સમાજ વિકાસ ફંડની રૂપરેખા, સહાય માટેની માર્ગદર્શિકા વગેરેની સુંદર છણાવટ સાથે રજુઆત કરવામાં આવેલ.

મંડળના માનદમંત્રી (એડ.) શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ દ્વારા સભાનું સુંદર સંચાલન કરતા જણાવેલ કે, ઉત્કૃષ્ટ અને ઉત્તમ જીવન માટે શિક્ષણ, સંસ્કાર અને અનુશાસનની જરૂર છે. પરિણામલક્ષી સમાજ બનાવવા યુવાશકિતનો વિવેકપૂર્ણ ઉપયોગ થાય તે આજના સમયની માંગ છે. સુષુપ્ત જવાળામુખીના શિખર પર આજે સમગ્ર વિશ્વર બેઠું છે, વ્યથાની વૈતરણીમાં લોકો વલોવાઈ રહ્યા છે. ગરીબીની રેખા નીચે અનેક પરિવારો જીવન જીવી રહ્યા છે. આપણો સમાજ પણ તેનાથી બાકાત નથી. આજની યુવા પેઢીએ બુધ્ધિ સાથે પ્રજ્ઞા, આત્મવિશ્વાસ અંગે વાસ્તવિકતા કેળવવી જરૂરી છે.

સંસ્થાની પ્રગતિનો આધાર શ્રધ્ધાના પ્રેરકબળ અને સભ્યોના મનોબળ પર અવલંબિત છે. અલબત્ત દાતા મહાનુભવોનો અસ્ખલિત સહકાર અને દાનનો પ્રવાહ નિશ્ચિતપણે સંસ્થા તરફ ફંટાયેલો રહેવો આવશકય છે.

બાંધેલી ક્ષણોને સર્જનાત્મક રીતે આલેખી શકયતઃ સુખનું સર્જન કરવું છે. એક અનન્ય ખુદ્દારી અને ખુમારીથી પ્રતિભા અને પ્રતિભાવ પ્રગટાવી આવો મિત્રો આપણે જ આપણાં ભાગ્ય વિધાતા બનીએ. દીપકથી દીપક પ્રગટાવીએ અને બિંદુમાંથી સિંધુનું સર્જન કરીએ.

મંડળના માનદમંત્રી(ફાઈનાન્સ) **શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહ** દ્વારા આભાર વિધિ કરવામાં આવેલ.

સભાના અંતમાં લિજજતદાર વાનગીઓની રસલ્હાણ માણી ખુશનુમા વાતાવરણમાં સૌ વિખરાયા.

❑ **શ્રી પાટણ જૈન મંડળ**


**શ્રી ઢંઢેરવાડા મહોલ્લા પ્રોપર્ટીઝ ટ્રસ્ટ**
**પાટણ–મુંબઈ**

## શ્રી જિનેન્દ્ર ભકિત માટે રથ મળશે.

પાટણના જાહેર માર્ગો પર, વરઘોડાની શાન વધારે એવો, બળદ જોડીથી હાંકી શકાય એવો, આગળ સારથી, પ્રભુજીને લઈને બે જણા સાથે બેસાય અને બન્ને બાજુ એક-એક ચામરધારી ઈન્દ્ર-ઈન્દ્રાણીને બેસવા માટેની સગવડતાવાળો, મનોહર, કલાત્મક અને ભવ્ય રથ, પ્રભુજીની રથયાત્રા માટે નકરો લઈને આપવામાં આવશે.

**વધુ વિગતો માટે અને બુકીંગ માટે સંપર્ક કરો :**

**શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ (મુંબઈ) - ૯૯૮૭૬ ૮૨૫૫૧**

**શ્રી સુનીલભાઈ પોપટલાલ શાહ (મુંબઈ)-૯૮૨૧૧ ૩૭૬૮૭**

**પ્રોફે. ડી. કે. શાહ ( પાટણ ) - ૦૨૭૬૬ - ૨૩૦૨૬૦**

જાxખ

સંપાદકીય.....

# જિંદગી એક પહેલી

તાજેતરમાં જ મુંબઈમાં ભાંડુપ ખાતે રહેતા એક મારવાડી કુટુંબના સભ્યોએ અચાનક જ પોતાના જીવનનો અંત આણી દીધો. મોતને વહાલું કરી દીધું. બાહ્ય નજરે જોતાં સાધન-સંપન્ન, સુખી કુટુંબ હતું. છતાં પણ આમ કેમ બન્યું ? શું આ સરસ મજાની જિંદગી તેઓને વ્યર્થ લાગી ? જીવનમાં નિષ્ફળતા મળી ? એનો જવાબ આપણી પાસે નથી. ત્યારે આપણાં મનમાં એક પ્રશ્ન જરૂરથી જાગે કે આ તે કેવી જિંદગી છે .....?

આધુનિક યુગના માનવીને આજે બધાં જ પ્રકારની સવલતો મળી રહી છે. જીવવા માટે બધીજ રીતે સ્વતંત્રતા પણ મળી છે. શિક્ષણનો વ્યાપ વધ્યો છે. માનવી પોતાની કાબેલિયતથી સમાજમાં પોતાનું આગવું સ્થાન બનાવી શકે છે. તેમ છતાં માનવીને પોતાની જિંદગી એક ભારરૂપ લાગે છે. તેનું કારણ શું ? **મહાન આધ્યાત્મિક ચિંતક ગુરૂ શ્રી રવિશંકર કહે છે કે. ''જિંદગીને આપણે ગૌરવપદ રીતે જાળવીએ છીએ ખરા ?'' અમૂલ્ય એવી આ માનવ જિંદગીનું જતન કરતાં મોટાભાગનાં લોકોને નથી આવડતું. તેથી જ લોકોને જિંદગીનું રહસ્ય પણ સમજાતું નથી.**

માનવી પાસે પાયાનો પ્રશ્ન એ છે કે જિંદગીને તે કઈ નજરથી જુએ છે ? મોબાઈલના રીંગટોનમાં તેને સંભળાતું હોય કે. **''જિંદગી એક સફર હૈ સુહાના....''** પણ સાચા અર્થમાં માનવીને પોતાના જીવનની સફર સુહાની લાગવાને બદલે એક ન સમજાય તેવી પહેલી લાગે છે. તો કેટલાંક લોકોને જીવન કેવી રીતે જીવી જાણવું તે ખબર નથી. તેથી તેઓને આ જિંદગી કમાલની લાગે છે. તો ધણાં લોકોને પોતાનાં જીવનમાં એટલી બધી ઉતાવળ હોય છે. કે તેઓને જિંદગી એક ધમાલભરી લાગે છે. જેમાં નિરાંતની પળોનો ક્યાંય સમાવેશ જ નથી. અને કેટલાંક લોકો માથા પર ચિંતાનો એટલો બધો બોજો લઈને ફરતાં હોય છે કે તેમનો ચહેરો જોતાં જાણે એમ લાગે કે સ્ટેશન પર માથે બોજો ઉપાડતા કુલીના જેવા લાચાર હમાલ લાગે. તેમનાં ચહેરા પરથી ગંભીરતા જરાપણ ઓછી થાય જ નહી. આમ માનવી વધુ ને વધુ ભૌતિક સુખોની વચ્ચે રહેવા છતાં જીવન સારી રીતે, શાંતિપૂર્ણ અને સ્વાસ્થ્યપૂર્ણ જીવવાની ધીરજ ગુમાવી બેઠો.

**જિંદગીનું જ બીજું નામ તે જીવન.** આ શબ્દના ત્રણ અક્ષરોમાં જ જિંદગીનું એટલે કે જીવનનું રહસ્ય સમાયેલું છે. **જી = જીવવું, વ = વધવું, ન = નમવું.**

**નમ્રતા પૂર્વક જીવન જીવતાં જીવતાં આગળ વધવું. તે જ શ્રેષ્ઠ જીવન છે.** પણ બીજી મહત્વની વાત એ છે કે જે માનવી પોતાની જાતને, સ્વને કેન્દ્રમાં રાખીને ફરે છે. તેવા અહંકારી માનવીનો સંબંધ ઇશ્વર સાથે એટલે કે **સર્જનહાર સાથેનો સંબંધ માત્ર ''પાર્ટ ટાઈમ''** નો થઈ જાય છે. અને પછી એને **''ફૂલ ટાઈમ''** નો સહકાર જોઈતો હોય તો કેવી રીતે મળે ? અને આ સહકાર ન મળવાથી તેની જિંદગીમાં સતત સંઘર્ષો ઊભા થવાથી તેનાં સુખ, શાંતિ અને ચેન ખોવાઈ જાય છે. અને જિંદગી ભારરૂપ લાગે છે.

ઊર્દૂમાં એક સરસ શેર છે;

*''કભી કિસીકો મુકમ્મિલ જહાં નહીં મિલતા*
*કહીં જમીં તો કહીં આસ્માં નહીં, મિલતા''*

દરેકનાં જીવનમાં કશુક ખૂટે છે, એ જ એને મેળવવું છે. અધૂરપ પૂરવાની આ ઝંખનામાં માનવી મનની સમતુલા પણ ગુમાવી બેસે છે. ત્યારે એની જિંદગી એક પહેલી બની જાય છે. પણ મનોવૈજ્ઞાનિકો કહે છે કે, **''જે માનવી પોતાનું જીવન નિયમિતતાથી નથી જીવતો, શિસ્તતા જાળવી શકતો નથી. તેને જ જિંદગી અકારી લાગે છે. જો તેમ તમારાં ભાગ્યમાં આવેલું દરેક કાર્ય, તમારી ફરજો નિષ્ઠાપૂર્વક, નિઃસ્વાર્થ ભાવે બજાવશો તો જ તમને માનસિક સંતોષ અને આનંદ મળશે. પછી તમારૂં મન ક્યાંય નહી ભટકે. જિંદગી સરળ બની જશે સદ્‌ગુણ અને શિષ્ટાચાર તમારાં જીવનને સફળ બનાવી, મહેકાવી દેશે.''**

**માનવીનું જીવન ચાર દિશામાં સતત વહેતું જ રહે છે. એમાં એક દિશા છે કામ કરતાં રહેવાની બીજી છે દામ કમાવાની ત્રીજી નામનો મહિમા વધારવાની,** અને ઉપરની ત્રણે દિશામાં ભાગ્ય સાથ ન આપે તો અંતમાં **ચોથી દિશા છે, પ્રભુનું શરણું સ્વીકારવાની.** આ ચાર દિશા બતાવીને સર્જનહારે પણ આપણા માટે કશુંક નિર્ધારિત કરી રાખ્યું છે. એણે પણ આપણા જીવનને માટે કોઈ હેતુ નક્કી કર્યો છે. સુંદર જીવન જીવવાનો આદર્શ બનાવ્યો છે.

**જિંદગી એટલે બે ને બે ચારનો સરવાળો નથી, જિંદગીનો કોઈ એક ચોક્કસ પ્રકારનો આકાર પણ નથી પરંતુ પ્રારબ્ધ, પુરુષાર્થ, આત્મવિશ્વાસ અને દ્રઢ મનોબળથી જિંદગીને એક સાહજિક રૂપ** આપીને તેનું સુંદર મજાનું ઘડતર કરીને આ પૃથ્વી પરથી પાછા જઈએ ત્યારે કંઈક સરસ મજાનો સંદેશો લઈને જવાનું છે. જિંદગીને જોઈ શકાય છે, અનુભવી શકાય છે. જો આમ નથી કરી શકતા તો જિંદગી સુખનો ખજાનો લાગવાને બદલે દુઃખનો દરિયો લાગે છે. નકારાત્મક અભિગમ છોડી દેવાનો છે. આપણે અહીં ઉદાસ રહેવા નથી આવ્યા, તો કોઈનો દોષ કાઢવા પણ નથી આવ્યા. **નિરંજન ભગત કહે છે તેમ;**

**''બસ ! હું તો હસતાં રમતાં આ જગતમાં માત્ર ફરવા જ આવ્યો છું.''**

સામાજિક, વૈચારિક, આર્થિક, આંતરિક સંઘર્ષોની વચ્ચે પણ જો સહજતાથી જીવતાં આવડી જાય તો આ જીવન અણમોલ યાદગાર બની જાય અને ત્યારે જ યાદ આવે છે ને પેલા ગીતનાં શબ્દોઃ-

**''મૈં જીંદગી કા સાથ નિભાતા ચલા ગયા,**
**હર ફિક્ર કો ધૂંએ મેં ઉડાતા ચલા ગયા....''**

**આમ જે જે માનવી પાસે જીવન જીવવાની એક કળા છે. જેની પાસે વિચારોનો આંતરિક વૈભવ છે. હંમેશા ને માટે હકારાત્મક અભિગમ છે. તેની ''જિંદગી એક પહેલી ન બનતાં, જિંદગી એક સફર હૈ સુહાના'' બની જાય છે.**

**"Let the Noble Thought come from All the Directions"**

❑ *શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ*
*શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ*
*માનદમંત્રીઓ, સંપાદક સમિતિ*

## શ્રી પાટણ જૈન મંડળ
### સંચાલિત
## શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણ

## વિવિધ યોજનાઓ અને વિદ્યાદાન

શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણ ખાતે ૬૫ વર્ષથી શૈક્ષણિક ક્ષેત્રે કાર્યરત રહેલ છે. છેલ્લા એક વર્ષમાં શાળાની અને વિદ્યાર્થીઓની જરૂરિયાતોને અનુલક્ષીને, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને સમાજના દાતાઓના આર્થિક સહયોગથી કોમ્પ્યુટર લેબ., ન્યુ કેમીસ્ટ્રી લેબ., ફીઝીક્સ લેબ., બાયોલોજી લેબ., જનરલ લેબ., લાયબ્રેરી, નૂતન ઠંડા પાણીનું પ્યાઉ ઘર, ન્યુ મલ્ટીપરપઝ હોલ વિ. નૂતનીકરણથી અને બિલ્ડીંગના મેજર રીપેરીંગ અને રંગરોગાન તથા સુશોભિત ગાર્ડન સહિતના ઉપકરણોથી શાળાને એક નવો જ ઓપ અપાયેલ છે. આપણી શાળા પાટણમાં પ્રથમ હરોળની શાળા થવા પામેલ છે. કોમ્પ્યુટર લેબ. અને વોટર કુલર સાથેનું પ્યાઉ ઘર તથા (કોમ્યુનીટી) મલ્ટીપરપઝ હોલ જેવા નવા પ્રોજેકટોથી શાળા વધુ અદ્યતન સાધનોથી સુસજ્જ થવા પામેલ છે.

શાળામાં હજુ કેટલાક પ્રોજેકટો સંપૂર્ણ રીતે પૂર્ણ કરવાના હોઈ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને સમાજના દાતાઓ સમક્ષ નીચેની વિગતો રજુ કરીએ છીએ. સર્વને અમારી વિનંતી છે કે, આ બાબતમાં આપનો ઉત્તમોત્તમ સહયોગ આપી વિદ્યા દાનના ક્ષેત્રે આપનું દાન વિદ્યાર્થીઓના વિકાસ માટે વહેવડાવશો, તેવો વિશ્વાસ છે.

## -: યોજનાઓ :-

- રૂા.૨૧,૦૦,૦૦૦/- નવા બંધાયેલા ૧૪૦૦ સ્કે.ફુટના સંપૂર્ણ હવા, ઉજાસ ધરાવતા "કોમ્યુનીટી હોલ" માટે દાન આપનાર દાતાશ્રીનું નામ કોમ્યુનીટી હોલ પર નામકરણ કરવામાં આવશે.
- રૂા.૧૧,૦૦,૦૦૦/- નવી કોમ્પ્યુટર લેબ.ના ૫૦ નવા કોમ્પ્યુટર સેટ તથા ફરનીચર, સાધનો સહિતના સૌજન્ય દાતા. દાન આપનાર દાતાશ્રીની આધુનિક કોમ્પ્યુટર લેબ.ના કોમ્પ્યુટર સેટ, એ.સી. તથા ફરનીચર સાધનોના સૌજન્ય દાતા તરીકે લેબ.ની અંદર નામકરણ કરવામાં આવશે. ૫૦ કોમ્પ્યુટરના સેટ સાથે ૧૦૦ વિદ્યાર્થીઓ એકી સાથે કોમ્પ્યુટર જ્ઞાન મેળવશે.
- રૂા.૫,૦૦,૦૦૦/- શાળાના વિશાળ રમતગમતના મેદાનો / સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ વિકાસ માટે દાન આપનાર દાતાશ્રીનું "સ્પોર્ટસ કોમ્પલેક્ષ" પર નામ આપવામાં આવશે.

ઉપરોક્ત ત્રણેય સ્કીમોની વિગતો માટે, માનદમંત્રી, વિદ્યાલય સમિતિ, શ્રી યશવંતભાઈ એચ. ઝવેરી (મો. ૯૮૨૦૦ ૮૮૯૯૭ ) તથા શ્રી દિનેશભાઈ શાંતીલાલ શાહ (મો. ૯૩૨૨૨૨૫૦૭૨) નો અથવા મંડળના કાર્યાલયમાં દાતાઓએ સંપર્ક કરવા વિનંતી છે.

❑ વિદ્યાલય સમિતિ

sambhav
comfy living

ENGINEERS & DEVELOPERS
REAL ESTATE DEVELOPERS OF
RESIDENTIAL / COMMERCIAL PROPERTIES

SAMBHAV TRADE TOURS
TRADE FAIR / LEISURE TOUR ORGANISERS

★ Trade Fair Tours
★ Incentive Tours
★ Leisure Tours
★ International / Domestic Hotel Booking
★ International / Domestic Air Ticketing
★ Visas / Overseas Mediclaim Assistance

**JITEN SHAH**,
FCP, International Co - ordinator,
JITO

**DHARMEN SHAH**

**MONA SHAH**

(KANASA NO PADO, PATAN)

**Corporate Office**: Sambhav House, Veera Desai Road, Andheri (West), Mumbai - 400 053. INDIA
Tel. No.: +91 - 022 - 26740533 Telefax: +91 - 022 - 26741589
Email: sambhavgroup@sambhav.in / sambhav@vsnl.net જા x ખ Website: www.sambhav.in

### શ્રી પાટણ જૈન મંડળ
### સંચાલિત
### શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણ
### શાળાની ઝળહળતી સિધ્ધિઓ અને પ્રગતિ

જન્માષ્ટમીના દિવસે ભારત વિકાસ પરિષદ આયોજીત પાટણમાં સૌ પ્રથમવાર મટકીફોડ કાર્યક્રમ યોજાયો. આપણી શાળાના બાળકોએ પિરામીડ અને સાહસિક કૃતિઓ બગવાડા દરવાજા પાસે વૃંદાવનના મોહક દશ્યો ઉભા કર્યા. તેમાં ૨૦ ફૂટ ઉંચી મટકી ફોડી તેમજ પિરામીડ બનાવી શહેરીજનોને આનંદીત કર્યા હતા. કલેકટર સાહેબશ્રીએ વિદ્યાર્થીઓની સાહસિક વૃત્તિને બિરદાવી દરેકને પુરસ્કારરૂપે ફાઈલો આપી અને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ કૃતિ રજુ કરવા બદલ કલેકટર રાવલ સાહેબ ડી.એસ.પી. સાહેબ અને શ્રી કે.સી.પટેલ સાહેબ તથા હેમંતભાઈ તન્ના સાહેબે બી.આર.દેસાઈ (વ્યાયામ શિક્ષક)ને પીઠ થાબડી બિરદાવ્યા હતા.

૧૫ મી ઓગષ્ટના રાષ્ટ્રીય પર્વ નિમિત્તે જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ શાળાની સૂર્ય નમસ્કાર કૃતિ રજુ કરી જેને શહેરીજનોએ તાળીઓથી વધાવી હતી અને આ મહેનત બદલ માનનીય કલેકટર રાવલ સાહેબે શિલ્ડ અને સર્ટીફીકેટ બી.આર.દેસાઈને આપી એમનું અભિવાદન કર્યુ હતું. શાળામાં ૧૫ મી ઓગષ્ટ નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો, તેમાં શાળાની બાળાઓએ ડાન્સ તેમજ શૌર્યગીત રજુ કર્યા હતા. કાર્ય.આચાર્ય શ્રી મનુભાઈ જોશીએ વિદ્યાર્થીઓને તેમજ શિક્ષક મિત્રોને રાષ્ટ્રીય પર્વ નિમિત્તે રાષ્ટ્ર સેવા અને સમાજ સેવાનો અનુરોધ કર્યો હતો.

પાટણ જિલ્લામાં સહઅભ્યાસેત્તર પ્રવૃત્તિઓમાં વર્ષોની પરંપરા જાળવીને બાળકોમાં ખમીર પેદા કરવા સતત બી.ડી.સાર્વજનિક વિદ્યાલય, પાટણ જિલ્લા કક્ષાએ ઝળકતી રહે છે. ચાલુ વર્ષે પણ રમતગમત ક્ષેત્રે પાટણ તાલુકા -જિલ્લાની વોલીબોલ, હેન્ડબોલ, જુડો, કુસ્તી જેવી સ્પર્ધાઓમાં શાળાની ટીમોએ પ્રતિસ્પર્ધીઓને મહાત કરીને જિલ્લામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યા હતા અને ચેમ્પીયન બનીને શાળાને ગૌરવ અપાવ્યું હતું.

વોલીબોલની ભાઈઓની ટીમ પ્રથમ આવી હતી અને હેન્ડબોલ જિલ્લા કક્ષાએ મહિલા શાળાકીય ભાઈઓ-બહેનોની ટીમો પણ પ્રથમ આવી હતી અને પાટણ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરી રાજયકક્ષાએ ભાગ લેવા જશે જેમાં કુલ રાજયકક્ષાએ ૩૪ વિદ્યાર્થીઓ ભાગ લેશે. આ જશ પ્રાપ્ત કરાવવામાં શાળાના વ્યાયામ શિક્ષકો શાળા સમય બાદ રોજની નિયમીત પ્રેકટીસ કરાવવામાં અને બાળકોની મહેનત બન્નેના પરિણામ સ્વરૂપે સફળતા મળી હતી. આ પરિણામોને શાળાના કાર્ય. આચાર્ય મનુભાઈ જોશીએ બિરદાવી, બી.આર.દેસાઈ અને પી.ડી.ઝાલાને અભિનંદન પાઠવ્યા હતા.

આજના વિજ્ઞાન અને ટેકનોલોજીના હરિફાઈના યુગમાં અન્ય દેશોની હરોળમાં અગ્રેસર રહેવા વિજ્ઞાન અને ટેકનોલોજીનું શિક્ષણ ખુબ જ અગત્યનું છે ત્યારે બાળકોમાં પણ આ વિષયોને લઈને રૂચિ ઉત્પન્ન થાય તે હેતુસર શ્રી બી.ડી. સાર્વજનિક વિદ્યાલય ખાતે કયુડીસી લેવલે ગણીત-વિજ્ઞાનનું પ્રદર્શન યોજાયું હતું, જેમાં શહેરની ૧૨ જેટલી શાળાઓએ ભાગ લીધો હતો. ઉપરોકત પ્રદર્શનમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓમાં મુખ્યત્વે વિજ્ઞાન, ટેકનોલોજી અને સમાજ વિષય પર કૃતિઓ તૈયાર કરવામાં આવેલ હતી. નિરીક્ષકો દ્વારા આ મુખ્ય ત્રણ વિષયમાં (૧) હવામાન ફેરફારના કારણો અને અસરો (૨) પ્રદુષણ યુકત ઉર્જા (૩) માનવ કલ્યાણમાં જીવ વિજ્ઞાનનો ફાળો (૪) માહિતી અને પ્રત્યાયન ઔદ્યોગિકરણ અને (૫) ગણિત શાસ્ત્ર અને રોજબરોજનું જીવન જેવા વિષયોને ધ્યાને લઈ વિદ્યાર્થીઓએ રજુ કરેલ કૃતિઓ અંગે ચર્ચાઓ કરેલ હતી. જેમાં બી.ડી.સાર્વજનિક વિદ્યાલય દ્વારા ટપક સિંચાઈ, ગણિત શાસ્ત્ર સહિતના વિષયો સાથે સુંદર એવી કૃતિઓ રજુ કરી હતી.

ઉપરોકત યોજાયેલ પ્રદર્શનમાં સેકન્ડરી, માધ્યમિક અને હાયર સેકન્ડરી એમ ત્રણ વિભાગમાં બાળકોએ કૃતિઓ રજુ કરી હતી. જેમાં તમામ કૃતિઓ નિર્ણાયકોના મતે ખુબ જ સુંદર હતી. અને આ કૃતિઓ બનાવવામાં શિક્ષકોનું માર્ગદર્શન પણ ખુબ જ સારૂ રહ્યું હતું. શ્રી બી.ડી.સાર્વજનિક વિદ્યાલયના કાર્ય. આચાર્ય શ્રી મનુભાઈ જોશીએ સર્વે શાળાના બાળકોને પ્રોત્સાહન પુરૂ પાડયુ હતું. જયારે આ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનના નિર્ણાયક તરીકે ખાસ પધારેલ શ્રી વી.એમ. પ્રા.મા. અને ઉચ્ચતર માધ્યમિક શાળાના સંચાલક શ્રી જયેશભાઈ એમ. વ્યાસ અને આદર્શ હાઈસ્કુલના ચૌધરી વનવીરભાઈ ઉપરોકત કૃતિઓ નિહાળી ખુબ જ આનંદીત થઈ ગયા હતા. કોને ક્રમાંક આપવો તે અંગે તેઓ અવઢવમાં મુકાઈ ગયા હતા. શ્રી બી.ડી. સાર્વજનિક વિદ્યાલયના સ્ટાફગણ દ્વાર ઉપરોકત પ્રસંગે ખુબ જ સારો એવો સહયોગ સાંપડયો હતો.

પાટણ તાલુકા કક્ષાના વિજ્ઞાન મેળામાં બાલીસણા સ્થળે ભાગ લીધેલ, તેમાં ઉચ્ચ માધ્યમિક વિભાગની વિભાગ - ૩ માં ઔષધીય વનસ્પતિની ઓળખ તથા ઉપયોગમાં પ્રથમ સ્થાન મેળવી ટ્રોફી મેળવી છે.

આપણી શાળાનો ધો.૧૨-ક નો વિદ્યાર્થી - માળી વિષ્ણુભાઈ ઈશ્વરભાઈ, નિબંધ સ્પર્ધા- "મહાત્મા ગાંધી જીવન ચરિત્ર આધારિત" - જેમાં તેણે તૃતીય નંબર મેળવેલ છે.

નર્મદા યોજના ગુજરાતની જીવાદોરી - એ વિષય પર વકતૃત્વ સ્પર્ધામાં આપણી શાળાનો વિદ્યાર્થી સોલંકી કિરણ અમૃતભાઈએ તૃતીય નંબર મેળવેલ છે.

પાટણ નગરપાલિકા "શરદોત્સવ" આનંદ સરોવર,

પાટણ ગરબામાં આપણી શાળાએ ભાગ લીધો હતો. જેમાં રૂા.૧૧૦૦/- સંયુક્તરૂપે ઈનામ, ટ્રોફી, સર્ટીફીકેટ અને બોલપેન તમામ ભાગ લેનારને ઈનામ રૂપે મળેલ છે. (૧૬ બહેનોએ ભાગ લીધો હતો.)

વન વિભાગ- પાટણ દ્વારા ૫૫ માં વન્યપ્રાણી સપ્તાહ ઉજવણી કાર્યક્રમમાં નિબંધ સ્પર્ધા "વન્ય પ્રાણી"માં ભાટીયા આસ્થાએ તૃતીય નંબર ઉપરાંત ટ્રોફી મેળવેલ છે.

તા.૧૮-૦૯-૦૯ થી તા.૨૧-૦૯-૦૯ સુધી ભાવનગર (ઘોઘા)માં બાળ બાસ્કેટ બોલ સ્પર્ધા રાજય કક્ષાએ ભાઈઓ-બહેનોની સ્પર્ધા યોજાયેલ. જેમાં શાળાની બંને ટીમોએ ભાગ લીધેલ અને શાળાના કુલ ૧૯ બાળકોએ રાજયકક્ષાએ ભાગ લીધેલ હતો.

તા.૧૮-૦૯-૦૯ થી તા.૨૧-૦૯-૦૯ સુધી રાજકોટ (દેરડી) મુકામે બાળ / શાળાકીય હેન્ડ બોલ ભાઈઓએ ભાગ લીધેલ જેમાં શાળાના કુલ ૧૨ બાળકોએ ભાગ લીધેલ. જેમાં શાળાના કુલ ૧૨ બાળકોએ ભાગ લીધેલ અને રાજયમાં ૦૬ ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

તા.૨૧-૦૯-૦૯ થી તા.૨૪-૦૯-૦૯ સુધી રાજકોટ (દેરડી) મુકામે બાળ / શાળાકીય હેન્ડબોલ બહેનોએ ભાગ લીધેલ, જેમાં શાળાની કુલ ૧૨ બાળકોએ ભાગ લીધેલ અને જિલ્લાનું પ્રતિનિધીત્વ કર્યુ હતું.

તા.૨૪-૦૯-૦૯ થી તા.૨૭-૦૯-૦૯ સુધી ભુજ મુકામે શાળાકીય બાસ્કેટ બોલ સ્પર્ધા યોજાયેલ, જેમાં શાળાના કુલ ૧૫ ખેલાડીઓ (ભાઈઓ તથા બહેનો) એ ભાગ લીધેલ અને જિલ્લાનું પ્રતિનિધીત્વ કર્યુ હતું.

તા.૨૮-૦૯-૦૯ થી તા.૩૦-૦૯-૦૯ સુધી બાઢડા (અમરેલી) મુકામે મહિલા હેન્ડબોલ સ્પર્ધા યોજાયેલ, જેમાં શાળાની ટીમે ખુબ જ સારૂ પરફોર્મન્સ આપેલ અને શાળાની ટીમમાંથી એક ખેલાડી ( પટેલ ચન્દ્રીકા એચ.) નું રાષ્ટ્રકક્ષા માટે સીલેકશન થયું હતું. જે ભોપાલ રમવા જશે.

તા.૨૮-૦૯-૦૯ થી તા.૩૦-૦૯-૦૯ સુધી રાજપીપળા મુકામે મહિલા બાસ્કેટ બોલ સ્પર્ધા યોજાયેલ, જેમાં શાળાની બાસ્કેટ બોલની બહેનોની ટીમ જિલ્લાનું પ્રતિનિધીત્વ કરેલ, જેમાં ત્યાં ખેલાડીઓનો સારો દેખાવ રહેલ અને ગુજરાત રાજયની ઈન ફીકટીનમાં બે ખેલાડીઓની પસંદગી થયેલ છે, જે ભાવનગર ખાતે રાષ્ટ્રકક્ષાના કેમ્પમાં જશે.

તા.૧-૧૦-૦૯ થી તા.૩-૧૦-૦૯ સુધી ભીલોડા (સાબરકાંઠા) મુકામે ૧૬ બાસ્કેટ બોલ સ્પર્ધામાં શાળાની ભાઈઓની ટીમ ભાગ લેવા ગયેલ અને ખુબ જ સારો દેખાવ કર્યો હતો.

## :: શાળાની મુલાકાત ::

શાળાના સભાખંડમાં વાલીમંડળની મીટીંગનું એક આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના માનદમંત્રીશ્રી યશવંતભાઈ એચ. ઝવેરી તા.૧૧-૧૧-૨૦૦૯ થી તા.૧૩-૧૧-૦૯ સુધી શાળામાં હાજર રહી શાળાની વિવિધ બાબતો અંગે સક્રિય રસ લઈ સુંદર કાર્યવાહી હાથ ધરી હતી.

તા.૧૧-૧૧-૨૦૦૯ શાળાના ધો.૧૦ અને ધો.૧૨ ના વિદ્યાર્થીઓના વાલીઓની મીટીંગ બપોરે ત્રણ કલાકે કરવામાં આવી. તેમાં માનદમંત્રી શ્રી યશવંતભાઈ એચ. ઝવેરી તથા શ્રી રાજેન્દ્રભાઈ આચાર્યએ વાલીઓ સાથે સઘન ચર્ચાઓ કરી. જેમાં વાલીઓ તરફથી સૂચનો લેવામાં આવ્યા. વિદ્યાર્થીના શૈક્ષણિક બાબતો, શાળાની સુવિધાઓની તેમજ વિદ્યાર્થીઓના રીઝલ્ટમાં ટકાવારી સારી આવે તે માટે પ્રયત્નો કરવા અંગેની વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ધો.૧૦ અને ધો.૧૨ ના શાળાના વિદ્યાર્થીઓના સારા પરિણામ આવે, વિદ્યાર્થીઓની ટકાવારી ઉચ્ચ આવે તે માટે માનદમંત્રી શ્રી યશવંતભાઈ ઝવેરી તથા કાર્યકારી આચાર્ય શ્રી મનુભાઈ જોશી દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે ઈનામ આપવાની જાહેરાત કરવામાં આવી.

શાળાના તમામ શિક્ષકગણ સાથે પણ એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું. તેમાં વિદ્યાર્થીઓને જે વિષયના શિક્ષકો હશે અને તે વિષયમાં વિદ્યાર્થીનો બોર્ડમાં નંબર આવશે તેવા શિક્ષકને પણ પ્રોત્સાહન રૂપે માનદમંત્રીશ્રી તરફથી ઈનામ આપવા અંગેની જાહેરાત કરવામાં આવી.

શાળાના વિદ્યાર્થીઓને સઘન શૈક્ષણિક કાર્ય માટે ચાલુ તાસ ઉપરાંત વધારાના શૈક્ષણિક કાર્ય કરી વધારાનો સમય ફાળવણી કરી વધારાના તાસ લઈ ટકાવારી ઉંચી આવે તે માટેના પ્રયત્નો કરવા માટેની ચર્ચાઓ કરવામાં આવી.

વિદ્યાર્થીઓ પાસે મૌખિક કસોટી નક્કી કરવા અંગે ચર્ચા કરવામાં આવી.

મલ્ટીપરપઝ લેબ.માં એલસીડી મુકી વિદ્યાર્થીઓને વધુ અભ્યાસની તક મળે તે ચર્ચા કરી કાર્ય પૂર્ણ કરવા માનદમંત્રીશ્રીએ સુચના આપી.

આમ શાળાના માનદમંત્રીઓ દર માસે પાટણ શાળાની મુલાકાત લઈ, વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે વાલીઓ, વિદ્યાર્થીઓ, વાલીમંડળ અને શિક્ષક ભાઈ-બહેનો સાથે મીટીંગો ગોઠવી સઘન કાર્યવાહી હાથ ધરે છે. શાળા વધુ પ્રગતિ કરે અને પરિણામો ઉચ્ચ કક્ષાએ જળવાઈ રહે તે માટે સર્વ સાથે મળી આયોજનો કરે છે તેનો આનંદ છે.

❑ વિદ્યાલય સમિતિ


**સાલમપાક**

મેવા મસાલાથી ભરપૂર શુધ્ધ ઘી માં બનાવેલો
પાટણનો સાલમપાક મળશે.
પાટણનું વલોણાનું શુધ્ધ ઘી ઓર્ડરથી મંગાવી આપશું.
દરેક પ્રકારના ખાખરા મળશે.

**હિરેન વી. દલાલ**

૭૭/૧૫, મરીન ડ્રાઈવ, પાટણ જૈન મંડળ નં. ૨, મુંબઈ - ૨૦
Phone : 22815303 • Mobile : 98202 72472 જા x ૫

# રમત ગમત સ્પર્ધા

શ્રી પાટણ જૈન મંડળ સ્પોટર્સ સમિતિ દ્વારા ચાલુ વર્ષે નીચેની વિગતે વિવિધ ટુર્નામેન્ટોનું આયોજન કરવામાં આવેલ છે. જેમા સમાજના સર્વ ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લેવા હાર્દીક અનુરોધ કરવામાં આવે છે.



## ક્રિકેટ ટુર્નામેન્ટ

- ❑ **સોમવાર તા. ૧૪-૧૨-૨૦૦૯, સવારે ૯.૩૦**
  કર્ણાટક અસોસીએશન ગ્રાઉન્ડ ક્રોસ મૈદાન
  **પાટણ ક્રિકેટ ક્લબ, મરીન ડ્રાઈવ, વિરૂધ્ધ વાલકેશ્વર પ્રાર્થના સમાજ ક્રિકેટ ટીમ**

**બપોરે ૧.૦૦**

**બોરીવલી ક્રિકેટ ટીમ વિરૂધ્ધ વિલેપાર્લે-અંધેરી-ગોરેગામ ક્રિકેટ ટીમ**

- ❑ સોમવાર, તા. ૨૧-૧૨-૨૦૦૯, સવારે ૯.૩૦
  કર્ણાટક અસોસીએશન ગ્રાઉન્ડ ક્રોસ મૈદાન,
  **વિલેપાર્લે, અંધેરી, ગોરેગામ ક્રિકેટ ટીમ વિરૂધ્ધ પાટણ ક્રિકેટ ક્લબ-મરીન ડ્રાઈવ**

**બપોરે ૧.૦૦**

**પ્રાર્થના સમાજ વાલકેશ્વર ક્રિકેટ ટીમ વિરૂધ્ધ બોરીવલી ક્રિકેટ ટીમ**

- ❑ **સોમવાર, તા. ૪-૦૧-૨૦૧૦, સવારે ૯.૩૦**
  કર્ણાટક અસોસીએશન ગ્રાઉન્ડ ક્રોસ મૈદાન
  **બોરીવલી ક્રિકેટ ટીમ વિરૂધ્ધ પાટણ ક્રિકેટ ક્લબ-મરીન ડ્રાઈવ**

**બપોરે ૧.૦૦**

**વિલેપાર્લે-અંધેરી-ગોરગામ ક્રિકેટ ટીમ વિરૂધ્ધ પ્રાર્થના સમાજ - વાલકેશ્વર ક્રિકેટ ટીમ**

### ફાઈનલ મેચ

- ❑ **સોમવાર, તા. ૧૧-૧-૨૦૧૦, સવારે ૯.૩૦ વાગે શુરૂ થશે**
  કર્ણાટક અસોસીએશન ગ્રાઉન્ડ ક્રોસ મૈદાન



## સ્વીમીંગ સ્પર્ધા

સમાજના દરેક ઉમરના ભાઈ બહેનો માટે સ્વીમીંગ સ્પર્ધાનું આયોજન રાખવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| *દિનાંક* | : | *રવિવાર, તા. ૧૦-૦૧-૨૦૧૦* |
| *સ્થળ* | : | *મફતલાલ બાથ, ચૌપાટી* |
| *સમય* | : | *બપોરે ૧.૦૦ થી ૪.૦૦* |
| *દાખલ ફી* | : | *રૂા. ૧૦/- વ્યક્તિ દીઠ એક ગેમના* |

ભાગ લેનાર સ્પર્ધકોએ પોતાનું પુરૂ નામ, મહોલ્લો, રહેઠાણ વિસ્તાર, ઉમર તથા મોબાઈલ નંબર સહીતની માહીતી જુદા કાગળમાં લખી મોડામા મોડૂં **તા. ૦૫-૦૧-૨૦૧૦** સુધીમાં મરીન ડ્રાઈવ ખાતેના મુખ્ય કાર્યાલય ખાતે નોંધાવી જવા.

## આઉટડોર એથલેટીક સ્પર્ધા

| | | |
|---|---|---|
| *દિનાંક* | : | *રવિવાર, તા. ૧૭-૦૧-૨૦૧૦* |
| *સ્થળ* | : | *યુનીર્વસીટી પવેલેયીન, મરીન ડ્રાઈવ* |
| *સમય* | : | *સવારે ૯.૦૦ થી ૧.૦૦* |
| *દાખલ ફી* | : | *રૂા. ૧૦/- વ્યક્તિ દીઠ એક ગેમના* |

સમાજના વધુને વધુ સદસ્યો આ સ્પર્ધામા ભાગ લઈ શકે તેવા શુભ આશયથી એક ના વય જુથ બનાવવામાં આવેલ છે. અને વય જુથ અનુસારની જુદી જુદી સ્પધાઓનુ આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત ગ્રુપ બનાવીને પણ કેટલીક સ્પર્ધાઓનું આયોજન રખાયેલ છે. જેથી સર્વે ભાઈ-બહેનોને ઉત્સાહપૂર્વક ભાગ લેવા અનુરોધ કરવામાં આવે છે.

સ્પર્ધામાં ભાગ લેવા અંગેનુ ફોર્મ પાના નં. ૧૧ ઉપર પ્રકાશીત કરવામાં આવેલ છે, **જેની જરૂર જણાય વધારાની ઝેરોક્સ નકલો કરાવી મંડળના ગોરેગામ -બોરીવલી - મરીન ડ્રાઈવ ખાતેના કાર્યાલયમાં તેના નિયમ પ્રવેશની સાથે મોડામાં મોડૂ તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં મોકલાવી આપવા ખાસ વિનંતી છે.**

ઉપરોક્ત દરેક સ્પર્ધાઓમાં પ્રથમ-દ્વિતીય ક્રમાંકે આવનાર વિજેતાઓને આકર્ષક ઈનામો આપવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી.

આ ઉપરાંત ક્રિકેટ ટુર્નામેન્ટ તથા સ્વીમીંગ સ્પર્ધાના વિજેતા ભાઈ-બહેનોને પણ ઉપરોક્ત સમયે ઇનામ વિતરણ કરવામાં આવશે જે વિધીત થાય.

**❑ સ્પોટર્સ સમિતિ**

## કાળધર્મ

❑ રાજસ્થાનના જેસલમેર નજીક માર્ગ અકસ્માતમા આ. શ્રી જંબુવિજયજી મ. સા. (ઉ.૮૭) કાળધર્મ પામ્યા છે. તેમના પાર્થિવ દેહના અંતિમ સંસ્કાર, શુક્રવાર તા. ૧૩-૧૧-૦૯ પાટણ જિલ્લાના શંખેશ્વર નજીક, સમી રોડ ઉપર આવેલા ટ્રસ્ટના પ્લોટમાં કરવામાં આવ્યા.

પાટણ ખાતેના હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાન મંદિરના પુસ્તક ભંડારને અત્યાધુનિક બનાવવામાં તેઓશ્રીનો ફાળો અનન્ય હતો. તેઓનુ છેલ્લુ ચાર્તુમાસ પાટણ ખાતે હતું.

❑ અમદાવાદ મુકામે આચાર્ય શ્રી સિધ્ધિસૂરિશ્વરજી (બાપજી મ.સા.) સમુદાયના સાધ્વીજી શ્રી વિનયજ્ઞાશ્રીજી સાધ્વીજી મ. સા. (૭૨ વર્ષ) આસો વદ ૫, શુક્રવાર, તા. ૧૦-૧૦-૦૯ ના નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતા સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

મૂળ-પાટણ સાલવીવાડાના પરમ તપસ્વીની સ્વ. જમનાબેન પૂનમચંદ રાયના સુપુત્રી ચંદ્રકળાબેન વૈરાગ્ય પામીને ૨૨ વર્ષ ની ઉંમરે દિક્ષા લઈ ૫૪ વર્ષ સુધી સુંદર ચારિત્રધર્મનું પાલન કરીને જીવન ઉજમાળ બનાવ્યું. તેમના દિવ્ય આત્માને શાશ્વતસુખ મળે તેજ અભ્યર્થના ....

**SPECIMEN FORM**

## SHREE PATAN JAIN MANDAL

FORM NO. ............................

77 PATAN JAIN MANDAL MARG, MARINE DRIVE, MUMBAI - 400 020.

# OUTDOOR GAMES ENTRY FORM 2010

| | | | | |
|---|---|---|---|---|
| PLAYER'S NAME | | | | M / F |
| | SURNAME | NAME | FATHER'S NAME | |
| FATHER'S FULL NAME | | | | |
| ADDRESS & TELEPHONE / MOBILE | | | | |
| PATAN MOHALLA | | | | |
| BIRTH DATE | | YOURS AGE AS ON DT. 31-12-2009 | | YEARS |

| | GROUP 'A' | GROUP 'B' | GROUP 'C' | GROUP 'D' | GROUP 'E' | GROUP 'F' |
|---|---|---|---|---|---|---|
| **AGE** | 5 TO 8 ☐ | 9 TO 11 ☐ | 12 TO 14 ☐ | 15 TO 18 ☐ | 19 TO 25 ☐ | 26 & ABOVE ☐ |

Please mark ☑ in Group as per your age & Game.

## GAME DETAILS - GROUPWISE

| GROUP 'A' | GROUP 'B' | GROUP 'C' | GROUP 'D' | GROUP 'E' | GROUP 'F' |
|---|---|---|---|---|---|
| 50 Mtr. Running (૫૦ મીટર દોડ) | 80 Mtr. Running (૮૦ મીટર દોડ) | 100 Mtr. Running (૧૦૦ મીટર દોડ) | 200 Mtr. Running (૨૦૦ મીટર દોડ) | 100 Mtr. Running (૧૦૦ મીટર દોડ) | 200 Mtr. Running (૨૦૦ મીટર દોડ) |
| Lemon Spoon (લીંબુ ચમચી) | Ball Collect Race (બોલ કલેક્ટ) | 100 Mtr. Under Hurdle Race (૧૦૦ મી. વિઘ્નદોડ) | Shot Put Race (ગોળા ફેંક) | 50 Mtr. Pair Couple Running Race (૫૦ મી. જોડી દોડ) | Shot Put Race (ગોળા ફેંક) |
| 25 Mtr. Frog Race (૨૫ મીટર દોડ) દેડકા દોડ | Lemon Spoon (લીંબુ ચમચી) | 4 x 100 Mtr. Relay Race (Area wise) (૪x૧૦૦મી. રીલે દોડ) | 4 x 400 Mtr. Relay Race (Area wise) (૪x૪૦૦મી. રીલે દોડ) | 4 x 400 Mtr. Relay Race (Area wise) (૪x૪૦૦મી. રીલે દોડ) | 4 x 100 Mtr. Relay Race (Area wise) (૪x૧૦૦મી. રીલે દોડ) |
| Ball Collect Race (બોલ કલેક્ટ) | Sack Jump (કોથળા કુદ દોડ) | Long Jump (લાંબો કુદકો દોડ) | Long Jump (લાંબો કુદકો દોડ) | Shot Put Race (ગોળા ફેંક) | 400 Mtr. Walking (૪૦૦ મી. ચાલવાનું) |

1) Tug War (દોરડા ખેંચ) એરીયા પ્રમાણે (૯ થી ૧૨ વ્યક્તિઓ)
2) Musical Chair (સંગીત ખુરશી) 25 to 45 Years Male / Female જુદી જુદી.
3) Three Legs Married Couple (ત્રણ પગે દોડવુ-પરિણીત યુગલ) Race 50 Mtrs. 46 Years & Above.
4) Nacklace making, (માળા બનાવવાની સ્પર્ધા) Race for Married Couple 50 Mtrs

Entry for each Game each Person **Rs. 10/-**

Total Rs. .......................................(Rupees in words ..........................................................................................)

Date : .................................                Player's Signature ...........................................

**નોંધ : સ્પર્ધા દરમ્યાન કોઈપણ ખેલાડી ઈજાગ્રસ્ત થાય તો તે બદલ મંડળ કે સ્પોટર્સ સમિતીની કોઈપણ જવાબદારી રહેશે નહી.**

# વિકલાંગ પ્રવાસ અહેવાલ

**શ્રી પાટણ જૈન મંડળ વિકલાંગ ઉત્કર્ષ સમિતિ ''દિશા'' દ્વારા** તા. ૪-૧૧-૦૯ થી ૮-૧૧-૦૯ દરમ્યાન પાટણ ખાતે વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૨૫ બાળકો સહિત ૬૫ ભાઈ-બહેનો જોડાયેલ ઉપરાંત પાટણ વર્કશોપના પણ ૨૦ બાળકો તેમાં જોડાયેલ.

પ્રથમ દિવસે પાટણ વર્કશોપમાં ધૂપ, શોપીંગબેગ - ગીફ્ટબેગ તથા ટાઈ અને ડાઈ વગેરે કરતાં શીખવાડવામાં આવેલ. ત્યારબાદ ચૌવિહાર નું આયોજન કનાસા કલ્યાણ કેન્દ્ર દ્વારા કરવામાં આવેલ. જેમાં લગભગ ૮૦ જણાએ તેનો લાભ લીધેલ. તથા તેમના દ્વારા દરેક બાળકને મીઠાઈ તેમજ ગીફ્ટ ના બૉક્સ આપવામાં આવેલ જે બદલે તેમનો ખૂબ ખૂબ આભાર.

બીજા દિવસે સવારે જનતા હોસ્પીટલમાંથી ડોક્ટર આવેલ અને બ્લડ તેમજ યુરીનના રીપોર્ટ વિનામુલ્યે કરાવવામાં આવેલ. જે બદલે શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ અને શ્રી મનસુખભાઈનો આભાર.

નવકારથી પછી ખલીપૂર, પાટણ પાંજરાપોળ ની મુલાકાત લઈ જવામાં આવ્યા. ત્યાંના પ્રાણીઓને ઘાસ તથા ગોળ ખવડાવામાં આવેલ બાળકોને તેનાથી બહુજ ખુશી થઈ ! આગળના દિવસની જેમજ બપોરે ૨ થી ૪ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ, ત્યાર બાદ રાણકીવાવની પણ મુલાકાત લેવામાં આવી. અને રાત્રે શ્રી પંચાસરા પાર્શ્વનાથ જિનાલય મધ્યે ભાવના આરતી મંગળદિવાનો લાભ પણ લેવામાં આવ્યો.

ત્રીજા દિવસે સવારના શ્રી પંચાસરા પાર્શ્વનાથ જીનાલય ખાતે શ્રીમતી હિના યશમુખભાઈ શાહ ના ૧૦૮ તપની પૂર્ણાહતિ નિમિત્તે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન નું આયોજન કરવામાં આવેલ જેમાં દરેક બાળકો તથા વાલીઓને મૂળ નાયક શ્રી પંચાસર પાર્શ્વનાથ દાદાના પ્રક્ષાલનો લાભ મળેલ. પૂજન વિધિકાર શ્રી ચંદ્રકાંતભાઈ પંડિત દ્વારા ભણાવવામાં આવેલ. તથા પ્રભુને સુંદર અંગરચના કરવામાં આવેલ.

રાત્રે શ્રી કેશવલાલ જેશંગલાલ શાહ ધર્મશાળાના હોલમાં સાંસ્કૃતિક પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ જેમાં ફેન્સી ડ્રેસ, નાટિકા અને નૃત્યનું આયોજન કરવામાં આવેલ. માનદમંત્રી શ્રીમતી હિનાબેન યશમુખભાઈ શાહ દ્વારા આવકાર આપવામાં આવેલ તથા સંપૂર્ણ સંચાલન સુંદર રીતે કરવામાં આવેલ.

આ પ્રસંગે માનવતા પ્રમુખ શ્રી જે. કે. શાહ-DSP અનુપરસીંગ ગેલોટહ, ડેપ્યુટી કલેક્ટર - મડીયા સાહેબ, જીલ્લા ટ્રેજરી ઓફીસર- કે. એમ. કોઠારી, પાટણ નગર પાલિકાના ઉપપ્રમુખ શ્રી દેવજી પરમાર, આગેવાન સ્થાનિક કાર્યકર-ડૉ. રાજેન્દ્રભાઈ આર. શાહ દ્વારા પ્રાસંગીક ઉદબોધનમા વિકલાંગ બાળકોની કળા અને કૌશલ્યતાને તથા વિકલાંગ ઉત્કર્ષ સમિતિની કાર્યવાહીને બીરદવવામાં આવેલ. આ પ્રસંગે મુખ્ય મહેમાનોનું સાલ ઓઢાડી તથા ગીફ્ટ એનાયત કરી અભિવાદન કરવામાં આવેલ.

માનદમંત્રી શ્રી ભદ્રકાંત પ્રેમચંદ શાહ દ્વારા આભાર વિધિ કરવામાં આવેલ.

આ કાર્યક્રમને સફળ બનવવામાં શ્રીમતી જ્યોત્સનાબેન મોદી તથા વિકીસરનો ફાળો મહત્વનો રહેલ. ''આવકાર'' વાળા શ્રી પ્રકાશભાઈ શાહે દરેક બાળકને વેશભૂષાના કપડા તેમજ બીજી સામગ્રી ફ્રી પૂરી પાડેલ. તે માટે તેમનો ખૂબ ખૂબ આભાર.

દરેક બાળકને જાયન્ટ ઇન્ટરનેશનલ દ્વારા પેન્ટ પીસ, શ્રી સુધીરભાઈ-નીતાબેન શાહ દ્વારા બ્લ્યુ ટી શર્ટ તથા એક સજજન દ્વારા રોકડ રકમ અને શ્રી ભરતભાઈ દ્વારા સ્ટીલ ડબ્બાની ગીફ્ટ આપવામાં આવેલ.

આ પ્રસંગે દાતા શ્રી ભદ્રકુમાર મણીલાલ શાહ, શ્રી ચીનુભાઈ નેમચંદ શાહ, પાટણ પાંજરાપોળના પ્રમુખ શ્રી સનાલાલ શાહ ઉપરાંત શ્રી નરેશભાઈ રમણલાલ શાહ, શ્રી રમેશભાઈ ચીમનલાલ શાહ, શ્રી નીલેશ ભદ્રકુમાર શાહ વગેરે કમીટીના સભ્યો તેમજ સ્થાનિક બાળકોના પરિવારજનો સહીત ૧૦૦ ભાઈ-બહેનો ઉપસ્થિત રહેલ.

પ્રથમ તથા બીજા દિવસે રાત્રે વાલીઓ સાથે વાર્તાલાપ તથા સમિતીના આગામી આયોજનો બાબતે ચર્ચા કરવામાં આવેલ.

આ પ્રોગ્રામને સફળ બનવવામાં શ્રીમતી તૃપ્તીબેન શાહ, શ્રીમતી હિનાબેન રાવળ, શ્રી રૂદ્રદતભાઈ રાવળ, મ્યુઝીક ટીચર શ્રી ફાલ્ગુનીબેન તથા કાર્યકર હરનીશભાઈ એફ. શાહ, સંસ્થાના પાટણ ખાતેના સંચાલક શ્રી ધીરૂભાઈ પી. શાહ, અતિથિ ગૃહના મેનેજર રમણીકભાઈનો ભોજનશાળાના મેનેજર મનોજભાઈ સંપૂર્ણ સહાકાર મળેલ છે.

ચોથા દિવસે દરેક બાળકોને શ્રી શંખેશ્વર મહાતીર્થની યાત્રાએ લઈ જવાયેલ જેમાં ત્યાંના ટ્રસ્ટી શ્રી બકમભાઈના સહકાર થી દરેક બાળકો, વાલીઓ ને કતારવીના પુજા કરવાનો લાભ મળેલ.

વર્કશોપના વિશાળ ખર્ચમાં સહાયક થવા બાબુ અમીચંદ પનાલાલ આદેશ્વર જૈન ટેમ્પલ ટ્રસ્ટ ખાતે વ્યાખ્યાન દરમ્યાન ટહેલ નાખવામાં આવતા સંપૂર્ણ ખર્ચ એકત્રિત કરવામાં આવેલ તે બદલ દરેક દાતાઓ પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવે છે.

❑ **વિકલાંગ ઉત્કર્ષ સમિતી**

## 卐 લગ્ન સંબંધી 卐

| | |
|---|---|
| Name | : *Dharmesh Hasmukh Shah* |
| DOB | : 22th August 1980 |
| Time/Place | : 9:30 a.m. at Shirpur (Dhulia) |
| Height | : 5'.7" Weight : 55Kg |
| Religion | : Jain Deravasi Education : S.S.C |
| Languages | : Gujarati, Hindi, Marathi & English |
| Father | : Hasmukhbhai Chunilal Shah (Business) |
| Mother | : Jayshreeben H. Shah (Housewife) |
| Resi Add | : A21/26, Ratan Nagar, D. N. dube Marg, Dahisar (E), Mumbai - 68 |
| Telephone | : (Resi) 022 - 28917201 |
| Mobile | : 1) Hasmukh Shah 9833922671<br>2) Rakesh Shah 9892144981 |
| Work Experience | : Working in a Classic Diamond India Ltd. |

જા x ખ

## નૂતન વર્ષ સ્નેહ સમેલન - અહેવાલ

શ્રી પાટણ જૈન મંડળ તથા શ્રી મણીલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ) પરિવારના સંયુક્ત ઉપક્રમે આ વર્ષ પ્રથમ જ વખત ભાઈબીજ પછીના પ્રથમ રવિવારે, તા. ૨૫-૧૦-૦૯ ના દિને સાંજે ૫.૦૦ થી ૮.૦૦ દરમ્યાન નૂતન વર્ષ સ્નેહસંમેલનનું આયોજન, શ્રીનિકેતન વાટીકા-ગાર્ડન, મરીન ડ્રાઈવ ખાતે યોજાયેલ.

આયોજન દાતા પરિવારના શ્રીમતી કળાબેન ગુણવંતલાલ શાહ, શ્રી સુનીલભાઈ તેમજ તેઓના પરિવારજનોના સર્વ સદસ્યો, મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ, માનવંતા પ્રમુખ શ્રી જે. કે. શાહ સમિતિના માનમંત્રીઓ શ્રી પરેશભાઈ અમૃતલાલ શાહ, શ્રી શૈલેષભાઈ કેશવલાલ શાહ, શ્રી વિક્રમભાઈ સારાભાઈ શાહ, માનદમંત્રી (એડમીનીસ્ટ્રેશન) શ્રી રાજેન્દ્રભાઈ જયંતીલાલ શાહ, શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ, શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વીમાવાળા), માનદમંત્રી (ફાઈનાન્સ) શ્રી શૈલેષભાઈ સેવંતીલાલ શાહ, શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહ, શ્રી મુકેશભાઈ દિલિપભાઈ શાહ, ટ્રસ્ટી શ્રી નવીનચંદ્ર નેમચંદ શાહ તેમજ વિવિધ સમિતિઓના માનદમંત્રીઓ, વ્યવસ્થાપક સમિતિના સભ્યો, દાતાઓ તથા સમાજના ભાઈ-બહેનોની ઉપસ્થિતિ કાર્યક્રમની શોભા વધારી રહેલ.

છેલ્લા ૨૭ વર્ષોથી યોજાતા આ સ્નેહ સંમેલનમાં આ વર્ષ લગભગ ૧૫૦૦ જેટલા ભાઈ-બહેનાએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પ્રસંગને દેદિપ્યમાન બનાવ્યો.

આ પ્રસંગે સાંજે ૫.૧૫ વાગ્યાથી ચૌવિહાર વ્યવસ્થાનું પણ આયોજન કરવામાં આવેલ.

સ્નેહ સંમેલનના આયોજનની સુંદર વ્યવસ્થા માટે પ્રોગ્રામ સમિતિના ત્રણેય માનદમંત્રીઓ તથા સંસ્થાના મેનેજર શ્રી મનુભાઈ જોશી તથા સર્વે સ્ટાફ મિત્રોએ સખત જહેમત લઈ સફળ બનાવેલ.

અમૃત કેટરર્સની સ્વાદિષ્ટ વાનગીઓની લિજ્જત માણી સૌ ખુશનુમા વાતાવરણમાં વિખરાયા. ❑ **પ્રોગ્રામ સમિતિ**

## હોંગકોંગની ભૂમિ પર પાર્શ્વ-જિનાલય

છેલ્લા વીસ વર્ષથી રહેઠાણ - ઓફિસ તથા આગેવાન વેપારી તરીકે રહેતા પાટણના મારફતીયા મહેતાના પાડાના શ્રી વિકાસભાઈ ચંદ્રકુમાર શાહ તથા શ્વેતાબેન વિકાસભાઈ શાહને ધર્મમાં ઊંડી શ્રધ્ધા હોવાથી પ. પૂ. આચાર્ય શ્રી કીર્તિયશ સુરીશ્વરજી મ.સા.ની. પ્રેરણા, માર્ગદર્શન તેમજ આશીર્વાદથી હોંગકોંગમાં પાર્શ્વ જિનાલયનું નિર્માણ પુરૂં કર્યુ છે.

ગૃહ જિનાલયના ગભારામાં મંગળમૂર્તિ મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સહીત ૨૪ તિર્થંકરની પ્રતિમાજી. ચાર શાશ્વત તિર્થકરો શ્રી ઋષભદેવ, વારીસેનજી, ચંદ્રાનંદજી તથા વર્ધમાન, શ્રી સિમંધર સ્વામી તથા સિધ્ધચક્ર (નવપદજી) ઉપરાંત ચૌદ સ્વપન સાથે તેના રંગમંડપમાં આશરે પચાસ ભાવિકો બેસી શકે તેવી સગવડ સાથે એક ભવ્યાતિભવ્ય જિનાલય તૈયાર થઈ ગયુ જે જૈન જગતમાટે ઘણી ગૌરવવંતી વાત કહી શકાય.


**નોકરી ખાલી છે.**

કોમ્પ્યુટર જાણકાર ભાઈ કે બહેનની તાત્કાલિક જરૂરીયાત છે. સ્વહસ્તાક્ષરમાં પૂર્ણ માહીતી સાથે અરજી કરો અથવા રૂબરૂ મળો.

**શ્રી પાટણ જૈન મંડળ**

૭૭, પાટણ જૈન મંડળ માર્ગ,
મરીન ડ્રાઈવ, મુંબઈ - ૨૦

સમય : સવારે ૧૧.૦૦ થી ૫.૦૦

❑ **માનદમંત્રી (એડમીનીસ્ટ્રેશન), શ્રી પાટણ જૈન મંડળ**


## જીવદયા એટલે કર્મ ખપાવવાનો સહેલો રસ્તો

**"Our Tomorrow Depends on what we do Today"**

''નદીમાં પાણી ન હોય, નીંદરમાં સપના ન હોય,
આકાશમાં તારા ન હોય, પુષ્પોમાં સુગંધ ન હોય,
જીવનમાં દાન કર્યુ ન હોય, તો માણસ કેવો ને જીવન કેવું.''
રોજ મળો છો દુનિયાને
ક્યારેક મળો ? જાતને પુછો ?
ક્યારેક કેટલુ દાન કર્યુ મેં ?
અન્યથા શરૂઆત કરો આજથી તો શું ખોટું ?
''ભલે તમામ આદર્શ હાંસલ ન થઈ શકે,
દ્રષ્ટિ તો ઉંચી રાખવી જોઈએ જીવદયા માટે''

*.સૌજન્ય : શ્રીવર્ધમાન નગીનદાસ શાહ*

જા X ખ


**જીવદયા માટે નમ્ર વિનંતી**

## ''દાદર કબૂતરખાના''

**શાંતીનાથ દેરાસરની સામે, દાદર (વેસ્ટ), મુંબઈ - ૨૮. (રજિ. ટ્રસ્ટ નં. E 6936)**

સૂરજના પહેલા કિરણની શરૂઆતથી, સંધ્યાના આગમન સુધી સતત કબૂતરને ચણ નાંખવામાં આવે છે.

મંદી અને મોંઘવારીના લીધે છેલ્લા એક વર્ષથી જીવદયા પ્રેમીઓ તરફથી ચણ પડતું હોવા છતાં ખર્ચામાં સતત તુટ પડવા માંડી છે.

એક નાનો યા મોટી રકમનો ચેક, દાદર કબૂતરખાના ના નામનો લખી સુકૃત તથા સુકર્મના ભાગીદાર બનવાનો લાભ લઈ દિવાળી ઉજવી આનંદ લઈ શકો છો.

**એક ગુણીના રૂ. ૬૦૦/-** **એક દિવસ તીથીના રૂ. ૬,૦૦૦/-**
**કાયમી તીથીના રૂ. ૫૧,૦૦૦/-** **ઇચ્છા મુજબની કોઈ પણ રકમ**

*સંપર્ક : શ્રીવર્ધમાન નગીનદાસ શાહ*
*૪૦૧ મહેતા સદન, ભવાની શંકર રોડ, દાદર, મુંબઈ - ૨૮.*
*ફોન : ૨૪૩૦૬૭૫૫, ૨૪૩૬૩૩૧૮ મો. : ૯૮૨૧૩૪૪૩૩૮*

## ઓછી આવકવાળા જરૂરતમંદોને વિનામુલ્યે સારવાર સેવા

આજે મેડિકલ સારવાર અત્યંત મોંઘી થઈ છે, ત્યારે સામાન્ય માણસના ઘરમાં નાની મોટી બીમારી આવી પડતાં, અનેક મુશ્કેલીઓ નો સામનો કરવો પડે છે. તેના નાનાશા બજેટને ખેરવી નાંખે છે.

ખાસ કરીને હાર્ટની બીમારીમાં એટેક આવ્યા પછી બાયપાસ, વાલ્વ રિપ્લેસમેન્ટ, વાલ્વરિપેરિંગ વિગેરે અને કિડની ફેઈલ્યર વખતે ડાયાલીસીસ અને ટ્રાન્સપ્લાન્ટમાં તેમજ કેન્સરમાં કિમોથેરેપી અને રેડિયેશન થેરીપી વખતે મોટા ખર્ચને પહોંચી વળવા નાના માણસો માટે અત્યંત કપરૂં બની જાય છે. તેના હાજાં ગગડી જાય છે. મેડિક્લેઈમની નાની મોટી રકમ ધોવાઈ જાય છે.

ગરીબ જરૂરતમંદોને નાની-મોટી બીમારીમાં મદદરૂપ થવા મુંબઈ હાઈકોર્ટ અને ચેરીટીકમીશ્નરે ચેરીટેબલ હોસ્પિટલોને આદેશ આપ્યો છે, કે, જેમની વાર્ષિક આવક

રૂ. ૨૫,૦૦૦/- થી નીચે હોય તેમને વિનામુલ્યે ૧૦૦ % રાહત,

રૂ. ૨૫,૦૦૦/- થી વધુ પણ રૂ. ૫૦, ૦૦૦/- થી ઓછી હોય તેમને ૫૦% રાહત

આમ હાઈકોર્ટે અને ચેરીટીકમીશ્નરે કેટલીક ચેરીટી હોસ્પિટલોને આ રાહતના ક્રમને ચોક્કસ પાળવા સૂચનો કર્યા છે, જેની યાદિ અહીં નીચે પરાં પ્રમાણે આપી છે.

| નં. | સ્થળ | હોસ્પિટલ |
|---|---|---|
| ૧ | સાંતાક્રુઝ | આશાપારેખ હોસ્પિટલ |
| ૨ | બાન્દ્રા | હોલી ફેમીલી હોસ્પિટલ |
| | | ગૂરૂનાનક હોસ્પિટલ |
| | | લીલાવંતી હોસ્પિટલ |
| ૩ | ખાર | મહાવીર મેડિકલ સેન્ટર |
| | | રામ ક્રિષ્ણ મીશન હોસ્પિટલ |
| ૪ | પારલા | નાણાંવટી હોસ્પિટલ |
| | | ભારતીય આરોગ્યનિધિ હોસ્પિટલ |
| | | લોટસ હોસ્પિટલ |
| | | મુંબાદેવી હોમિયોપેથિ હોસ્પિટલ |
| ૫ | અંધેરી | બી. એસ. ઈ. એસ. એમ. જી. હોસ્પિટલ |
| | | હોલી સ્પિરીટ હોસ્પિટલ |
| ૬ | બોરીવલી | કરૂણા હોસ્પિટલ |
| | | સુવર્ણા હોસ્પિટલ |
| | | નવનીત હોસ્પિટલ |
| | | માનવ કલ્યાણ હોસ્પિટલ |
| ૭ | મરીન-લાઈન્સ | બોમ્બે હોસ્પિટલ |
| | | મિત્તલ આયુવેર્દીક હોસ્પિટલ |
| | | સૈફી હોસ્પિટલ |
| ૮ | માહીમ | એલ. એલ. રાહેજા હોસ્પિટલ |
| | | રાધીબાઈ વટુમલ હોસ્પિટલ |
| | | હિન્દુજા હોસ્પિટલ |
| ૯ | લોઅર પરેલ | ગોપીકૃષ્ણ પીરામલ હોસ્પિટલ |

| | | |
|---|---|---|
| ૧૦ | કાંદિવલી | કાંદિવલી હિતવર્ધક હોસ્પિટલ |
| ૧૧ | દહીસર | માનવ કલ્યાણ કેન્દ્ર |
| ૧૨ | ચેંબુર | ઈનલેક્સ હોસ્પિટલ |
| | | સુશ્રુત હોસ્પિટલ |
| ૧૩ | તારદેવ | ભાટીયા હોસ્પિટલ |
| ૧૪ | ગાંવદેવી | મોતીબેન દળવી હોસ્પિટલ |
| ૧૫ | બાબુલનાથ | રૂક્ષ્મણી લાઈગઈન હોસ્પિટલ |
| ૧૬ | ખંભાલા હિલ | પારસી જનરલ હોસ્પિટલ |
| | | ખંભાલા હિલ હોસ્પિટલ |
| ૧૭ | સાયન | આયુવૈદિક હોસ્પિટલ |
| | | કે. જે. સોમૈયા હોસ્પિટલ |
| | | તારાચંદ બાપા હોસ્પિટલ |
| | | એસ. આર. મહેતા કાર્ડીયાક-હોસ્પિટલ |
| | | માનવસેવા સંઘ મેડિકલ સેન્ટર |
| ૧૮ | દાદર | નવનીત હેલ્થ સેન્ટર |
| | | ધનવંતરી હોસ્પિટલ |
| ૧૯ | પરેલ | મારૂ હોસ્પિટલ |
| | | જેરબાઈ વાડીયા ચીલ્ડ્રન હોસ્પિટલ |
| | | હાજી બચુઅલી આઈ હોસ્પિટલ |
| ૨૦ | ઘાટકોપર | હિન્દુસભા હોસ્પિટલ |
| | | સર્વોદય હોસ્પિટલ |
| ૨૧ | ભાયખલા | મસીના હોસ્પિટલ |
| ૨૨ | વરલી | પીપલ્સ મોબાઈલ્સ હોસ્પિટલ |
| ૨૩ | બ્રીચકેન્ડી | બ્રીચકેન્ડી હોસ્પિટલ |
| ૨૪ | ગીરગામ | જૈન ક્લીનીક |
| ૨૫ | મલબાર હિલ | સેન્ટ એલીઝાબેથ હોસ્પિટલ |
| ૨૬ | પવઈ | હિરાનંદાની હોસ્પિટલ |
| ૨૭ | પ્રાર્થનાસમાજ | હરકીશનદાસ હોસ્પિટલ |
| ૨૮ | પેડરરોડ | જશલોક હોસ્પિટલ |
| ૨૯ | સી. પી. ટેન્ક | કોઠારી હોસ્પિટલ |
| ૩૦ | લાલબાગ | મહાત્મા ગાંધી હોસ્પિટલ |
| ૩૧ | હાજીઅલી | ચિલ્ડ્રન ઓર્થોપેડિક હોસ્પિટલ |
| ૩૨ | મઝગાંવ | પ્રીન્સ અલીખાન હોસ્પિટલ |

જરૂરતમંદે નીચેના ડોક્યુમેન્ટ દાખલ થતી વખતે ચેરીટેબલ હોસ્પિટલની ઓફિસમા રજૂ કરવા પડે છે :

**૧) રેશનકાર્ડ ૨) વાર્ષિક આવકનું સર્ટીફીકેટ ૩) એફીડેવીટ** (એફીડેવીટમાં લખાવવું કે, આ એફીડેવીટ મજકૂર રાહત મેળવવા બનાવાયું છે.)

ઇમરજન્સી વખતે આવા ડોક્યુમેન્ટ ઉભા કરવામાં ઘણી વ્યવહારૂ મુશ્કેલી ઉભી થાય છે. જેથી છેલ્લી ઘડીએ ખોટી દોડાદોડ થાય.

નાની આવક ધરાવતા લોકોએ ઉપરોક્ત ડોક્યુમેન્ટ વહેલામાં વહેલી તકે, તૈયાર કરાવી રાખવા સલાહભર્યુ છે, જેથી આગ લાગે ત્યારે કૂવો ખોદવા જવું ન પડે.

o *સંકલન - મેડીકલ સમિતિ*

## શ્રી પાટણ પાંજરાપોળ

## સાલ મુબારક

જેની આતુરતા પૂર્વક રાહ જોવાતી હતી તેવા પર્વાધિરાજ પર્યુષણ આવ્યાં અને તેટલીજ ઝડપથી ચાલી પણ ગયાં.

આપણે સર્વેએ પોત પોતાની શક્તિ મુજબ તન, મન, અને ધન થી પર્યુષણ પર્વ માણ્યાં. અને નૂતનવર્ષ ની નવલી પ્રભાતને પણ આપણે વધાવીને નવા વર્ષ માં આગળ ચાલવા માંડયા છીએ.

પવિત્ર પર્વધિરાજ પર્યુષણ ના વ્યાખ્યાનમાં આપણે સર્વેએ શ્રાવકના કર્તવ્યોમાંથી એક કર્તવ્ય જે ખૂબજ અગત્યનો છે. 'અમારી પ્રવર્તન' વિષે પૂ. સા. ભગવંતના મુખે થી શ્રવણ કર્યુ છે.

જુના વર્ષના બધા, માનસિક, સામાજિક સંબંધોની ક્ષમાપના કર્યા પછી હવે નવા વર્ષે આપણે સંકલ્પ કરવાનો છે કે આ વર્ષે આપણે શું ધર્મક્રિયાઓ તન, મન અને ધનથી કરીશું. **'જીવદયા'** કરવાથી તન, મન અને ધન એમ ત્રણેયનો સંગમ એક સાથે થાય છે.

આ વખતે માહે ડિસેમ્બર માં આપણાં પાટણમાં ઘણા મહોલ્લાઓના ઓચ્છવ છે. અમારી આપ સર્વે મહોલ્લાના ટ્રસ્ટીઓને નમ્ર વિનંતિ છે કે આપના ઉત્સવના કુલ ખર્ચના ૧૦ થી ૧૫ ટકા આપ આપણી પાંજરાપોળ ને દાન કરો. શ્રી પાંજરાપોળ જોવા માટે આપ અમોને સમય અને દિવસ અગાઉથી જણાવશો તો આપશ્રીની પાંજરાપોળની મુલાકાત એક યાદગાર મુલાકાત બની રહેશે તેવા અમો સંન્નિષ્ઠ પ્રયત્ન કરશું.

ખાસ વિનંતી કે પાંજરાપોળ સંકુલમાં બે નવા પ્રવેશદ્વાર (ગેટ) બનાવ્યાં છે. દરેક પ્રવેશદ્વાર દિઠ રૂા. ૧૧ લાખનું દાન આપવા વિનંતી છે. દાન આપનાર દાતાનું નામ ગેટ ઉપર આપવામાં આવશે. યોજનાનો લાભ લઈ પાંજરાપોળ ને આર્થિક સહયોગ આપવા વિનંતી છે.

હાલના તબક્કે લગભગ ૧૨૦૦ થી ૧૪૦૦ અબોલ પ્રાણીઓની સેવા આપણે ત્યાં થાય છે. પશુ-પંખીઓ માટે આપણે ત્યાં ચણ વિભાગ તથા એક સુંદર તળાવ પણ બનાવવામાં આવ્યું છે. આપ જ્યારે તેઓને તે તળાવમાં રમતા તથા ધમાલ કરતાં જોશો તો તે એક અસ્વમરિણય અનુભવ બની રહેશે.

આપ સર્વેને ફરીથી વિનંતી છે કે, શ્રીપાટણ પાંજરાપોળને ખુલ્લા દિલે અને ઉદારભાવથી જીવદયા માટે દાન આપશો. અને આપની મુલાકાતના દિવસો અગાઉથી જણાવવા વિનંતી.

ફુલ નહી તો ફુલની પાંખડી સ્વરૂપે પણ આપણે જીવદયા ખાતે દાન કરવું તે આપણી ફરજ છે સંસ્થાને આપેલ દાન ઈન્કમટેક્ષની કલમ ૮૦ જી અન્વયે કરમુક્તિને પાત્ર છે.

❑ **પાટણ પાંજરાપોળ-ટ્રસ્ટીઓ**




## શ્રી પાટણ પાંજરાપોળ

**ટ્રસ્ટ રજી. નંબર ઈ- ૩૯૯ પાટણ**

**: સંચાલિત :**



**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ - ખલીપુર**

**પર્યુષણના પાવન પર્વ પ્રસંગે જીવદયા પ્રેમીઓને નમ્ર વિનંતી.....**

શ્રી પાટણ પાંજરાપોળ સંસ્થાને ગુજરાત રાજ્યમાં શ્રેષ્ઠ પાંજરાપોળ તરીકે ગુજરાત સરકારે એવાર્ડ આપેલ તે આપણા ગૌરવ સમાન છે.

૧. પશુ માટેનો શેડ (ગ્રેનાઈટ તકતી ઉપર નામ) રૂા.૧,૦૦,૦૦૦
૨. કાયમી તીથી નિભાવ ફંડ (આરસની તકતીમાં નામ) રૂા. ૫૧,૦૦૦
૩. પશુઓને લાપશી માટેની કાયમી તિથિ (આરસની તકતીમાં નામ) રૂા.૩૧,૦૦૦

૪. પશુઓના આધાર સ્થંભ (આરસની તકતીમાં નામ) રૂા. ૨૧,૦૦૦
૫. પશુઓને એક દિવસનો ઘાસચારો રૂા. ૧૫,૦૦૦
૬. પશુઓને માસિક દવા-ચિકિત્સા રૂા. ૧૧,૦૦૦
૭. કાયમી ઘાસની તીથી રૂા. ૫૦૦૦
૮. વાર્ષિક પશુ દત્તક યોજના રૂા. ૩,૦૦૦

૯. પક્ષીઓને કાયમી ચણ તિથિ રૂા. ૨,૦૦૦

**સંસ્થાને આપેલ દાનની રકમ ૮૦ જી હેઠળ ઈન્કમટેક્ષમાં બાદ મળે છે.**

હાલમાં સંસ્થા પાસે લગભગ ૨૦૦૦ મોટા પશુ છે. તેના પાલન પોષણ તથા સંસ્થાના ચાલુ વહીવટી ખર્ચમાં સતત તોટો રહેતો હોઈ, આપના કે આપના સ્નેહીજનોના ઘરના લગ્ન, સગાઈ, પૂજન, તપશ્ચર્યા કે જન્મ કે મરણ પ્રસંગે યાદ કરીને નાની મોટી રકમોની ભેટ મોકલાવી સહાયભૂત થવા [illegible]મુંબઈ : મે. પ્રવીણચંદ્ર એન્ડ કું., ૨૧ ભાંગવાડી શોપીંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૨. ફોન : ૨૨૦૫૨૦૫૮। મે. સી. વાડીલાલ એન્ડ કું. મુંબઈ -૩. ફોન : ૨૩૪૨ ૯૦૧૨/ ૨૩૪૨ ૯૦૧૩। પાટણ : શ્રી પાટણ પાંજરાપોળ, પીંપળા શેરી, આઝાદ ચોક, પાટણ (ઉ.ગુ.) ફોન : ૨૨૦૨૦૩

**જીવદયા વિના ધર્મ નહીં, ધર્મ વિના સુખ-શાંતિ આબાદી નહીં.**

જા x ખ

**જો હશે આપનું દાન......... તો બચશે પશુના જાન**



**ગૃહ ઉદ્યોગ**

અમારે ત્યા **બેસ્ટ ખાખરા, વડી, પાપડ** અને **બેસ્ટ આથેલા મરચા, સાલમપાક, ખજુરપાક** અને **સરસ ચિક્કી** મળશે.
સિજન ની દરેક વસ્તુઓ મળશે. ઑર્ડર પ્રમાણે બનાવી આપીશું.
**અલકાબેન શાહ - ૦૯૪૨૮૭ ૫૩૯૮૩**
**પંકજભાઈ - ૦૯૯૦૯૨ ૧૭૪૫૪**
મારફતીયા મહેતાના પાડાની સામે, ગોળશેરી - પાટણ
**બોમ્બે બેઠા હોમ ડિલીવરી આપીશું**
જા x ખ



**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ** ESTD : 1998
૧૧ વર્ષથી પાટણ પરિવાર ના જૈન યુવક-યુવતીઓ માટે ચાલતો
**અલ્પા મેરેજ બ્યુરો**
આપણા માટે નવી સુવીધા સાથે.... ડાયરેક મીટીંગ ની વ્યવસ્થા
સ્પેશ્યલ ક્લાસ માટે ઈ મેઈલ ફેશીલીટી, **વધુ વિગત માટે સંપર્ક :**
**શ્રીમતી અલ્પા શાહ 02502500135 - 9823218746**
સમય : 9 to 12 સાંજે 7 to 10
જા x ખ
દર અમાસે અમારો મેરેજ બ્યુરો બંધ રહેશે. email : alpashah5@yahoo.co.in

# હત્યારો !

મધરાતે એકદમ રાજુભાઈ જાગ્યા. ઘડિયાળમાં ટકોરા પડ્યા ... એક.... બે .... પથારીમાં બાજુમાં હાથ ફેરવ્યો. કાંઈક સ્પર્શનો ભાસ થયો. પણ તે આભાસ માત્ર. ત્યાં કોઈ નહોતું. ક્યાંથી હોય? એ તો હોસ્પિટલમાં છે. એમનું મન ખિન્ન થઈ ગયું. પત્નીની યાદ સતાવતી રહી. ક્યાંય સુધી એમણે પથારીમાં પાસાં ફેરવ્યે રાખ્યાં. એમ કરતાં કરતાં ફરી ઘડીયાળમાં ટકોરા પડ્યા .... એક .... બે .... ત્રણ .... કાંઈ ચેન પડતું નહોતું.

રાજુભાઈ ઊઠ્યા. બત્તી કરી. હવે ફરી ઊંઘ આવે એમ લાગતું નહોતું. બાથરૂમમાં ગયા. ઠંડા પાણીએ છાલક મારીને મોઢું ધોયું. પછી રસોડામાં ગયા. ફ્રીજમાંથી દૂધ કાઢ્યું. ગેસ પેટાવ્યો. તપેલીમાં પાણી મૂક્યું. કૉફી બનાવી. કપમાં કૉફી લઈ પીતાં-પીતાં બારી આગળ આવ્યા. બહાર ઘોર અંધારૂં હતું. આકાશમાં ક્ષીણ થયેલો ચંદ્ર દેખાતો હતો ... કોઈક ક્ષયગ્રસ્ત માણસ જેવો કોઈક કૅન્સર થયેલા રોગી જેવો. રાજુભાઈને ધક્કો લાગ્યો. રસ્તા પર કૂતરાં રડતાં હતાં.

કોઈક બાજુમાં છે એવો ભાસ થયો. પણ તે આભાસ માત્ર. આજુબાજુ જોયું, પણ કોઈ નહોતું. એ તો હૉસ્પિટલમાં છે. દસ દિવસથી હૉસ્પિટલમાં છે. છેવટની ક્ષણો ગણાઈ રહી છે. પાંચ દિવસ પહેલાં જ દાક્તરોએ કહી દીધેલું કે હવે થોડાક કલાકોની જ રમત છે. ત્યારથી રાજુભાઈ રાત ને દિવસ પત્નીના ખાટલા પાસેથી ખસ્યા નહોતા. પણ ચાર-ચાર દિવસના ઉજાગરાથી એમનું શરીર પણ ભાંગી ગયું હતું. તેથી કાલ રાતે નાનો દીકરો હૉસ્પિટલમાં રહ્યો અને એમને ઘરે મોકલી આપ્યા.

આજે રાતે થાકને લીધે ચાર-પાંચ ક્લાક તો ઘસઘસાટ ઊંઘ્યા, પણ એક વાર ઊંઘ ઊડી પછી એમને માટે સૂઈ રહેવું શક્ય નહોતું. તેઓ ઓરડામાં આંટા મારવા લાગ્યા. એમ કરતાં-કરતાં ક્યારે છ વાગી ગયા, તેની એમને ખબર પડી નહીં. છના ટકોરા ગણ્યા કે તેઓ ઝટપટ તૈયાર થઈ ગયા. મોટો દીકરો ઊઠ્યો હતો તેને કહ્યું, 'હું હૉસ્પિટલમાં જાઉં છું.'

'અરે, આટલા વહેલા ક્યાં ? જરીક અજવાળું થવા દો. હું પણ તમારી સાથે આવીશ.'

'ના, મારે જવું જ જોઈએ. તારી મા મને બોલાવે છે.' અને એ તો ઊપડયા.

હૉસ્પિટલમાં પહોંચ્યા. દીકરાને ઘરે મોકલી દીધો. પોતે ખુરશી લઈને ખાટલા પાસે બેઠા. ભીની નજરે પત્ની સામે જોયું. અનિમેષ જોતા જ રહ્યા. એ આંખ મીંચીને શાંતિથી સૂતી હતી. જાણે ગાઢ નિદ્રામાં હતી.... કાળ નિદ્રામાં હતી. રાજુભાઈનું હૈયુ ભરાઈ આવ્યું. એમણે હળવેકથી પત્નીનો હાથ પોતાના હાથમાં લીધો. તેની હથેળીમાં પોતાનું માથું મૂક્યું. અને એકદમ એ ધ્રૂસકે-ધ્રૂસકે રડી પડયા. એમણે ઘણું કહેવું હતું ... ઘણું - ઘણું કહેવું હતું .... અંદરની વેદના ઠાલવવી હતી ... ક્ષમા માગવી હતી .........

પચાસ વરસ પહેલાં રમા એમના જીવનમાં આવી. બહુ ભણેલી નહીં, પણ ઘણી હોશિયાર, ઘણી પ્રેમાળ, એમનું ઘર સરસ રીતે સંભાળી લીધું. ચાલીવાળા મકાનમાં માત્ર એક જ ઓરડી. પણ ચોખ્ખીચટ રાખે અને સામાન બધો વ્યવસ્થિત ગોઠવેલો. રાજુભાઈની નોકરી સામાન્ય. પગાર કાંઈ ઝાઝો નહીં. પણ પત્નીએ કરકસરથી ને અવેરથી ઘર સરસ ચલાવ્યુ. બે દીકરા અને એક દીકરી. સરસ ઉછેર્યાં, સરસ સંસ્કાર આપ્યા. હવે તો દિકરી પરણી ગઈ, દીકરા ઘણા આગળ વધ્યા. સારૂં કમાતા થયા. રાજુભાઈ નિવૃત્ત થયા.

કેવો સારો ભર્યોભાદર્યો સંસાર ! પતિ-પત્ની વચ્ચે છલકાતો પ્રેમ, પણ તેમાં એક અંતરાય. એક જ દુઃખ રાજુભાઈને સિગારેટનું વ્યસન. રમાબહેનને જરીકે ગમે નહીં. વારે વારે સમજાવે - પ્રેમથી, ગુસ્સાથી, ત્રાગું કરીને સુધ્ધાં. પણ રાજુભાઈનું વ્યસન છૂટે નહીં. ઘણી વાર પ્રયત્ન કરે, પાણી મૂકે. પણ બે-ચાર દિવસથી વધારે સિગારેટ છોડવાની નિશ્ચય ટકે નહીં. એક વાર તો રમાબહેને બે દિવસ ઉપવાસ કર્યા. રાજુભાઈએ પણ બે દિવસ ખાધું નહીં. ત્યારે વળી આઠ-દસ દિવસ સિગારેટ છૂટેલી. પણ પાછું એનું એ. નિવૃત્ત થયા પછી તો અખંડ સ્મૉકિંગ ચાલ્યું.

આ બધો ભૂતકાળ રાજુભાઈના આંસુ સાથે રમાબહેનની હથેળીમાં વહી રહ્યો. પશ્ચાતાપથી એમનું અંતર કોરાઈ રહ્યું હતું. ઠેઠ હમણાં સુધી તો રમાબહેન સાવ સાજાં-નરવાં હતાં. પંદરેક દિવસથી એકાએક આંખે અંધારાં આવવા લાગ્યાં, ચક્કર આવવા લાગ્યાં. દસ દિવસ પહેલાં હૉસ્પિટલમાં દાખલ કર્યાં. એકદમ કૉમામાં પડી ગયાં. જાતજાતની તપાસ થઈ. છેવટે દાક્તરે પોતાની કેબીનમાં બોલાવી રાજુભાઈને કહ્યું, 'એમને કૅન્સર છે. એકદમ બધે પ્રસરી ગયું છે. કેસ હવે હાથમાં રહ્યો નથી.'

'કૅન્સર ? આટલા વખત સુધી ખબર ન પડી ?'

'આવા કૅન્સરમાં એવું થાય. આ એક પ્રકારનું ફેફસાંનું કૅન્સર છે ... હા, પણ તમારા ઘરમાં કોઈને સિગારેટનું વ્યસન છે?'

'હા, ડૉક્ટર, હું પોતે ૫૦-૫૫ વરસથી નિયમિત સિગારેટ પીઉં છું.'

'બસ, આ પ્રકારનું ફેફસાનું કૅન્સર મોટે ભાગે સેકન્ડ હેન્ડ સ્મૉકથી થાય છે. પોતે સ્મૉકિંગ ન કરતા હોય, પણ સ્મૉકિંગનો ધુમાડો સતત સહન કરતા હોય, તો થાય.'

રાજુભાઈનું અંતર રડી રહ્યું હતું .... મેં જ તને મારી નાખી .... મેં જ તને મારી નાખી ..... હું જ તારો હત્યારો છું ! .... હત્યારો ! .... હત્યારો !

*(શ્રી દિવાકર કારખાનીસની મરાઠી વાર્તાને આધારે)*

❑ **હરિશ્ચંદ્ર**

# સંસ્થા સમાચાર

❑ **શ્રી ગોરેગામ પાટણ જૈન મિત્ર મંડળ - દ્વારા** દર વર્ષની જેમ તા. ૮-૧૧-૨૦૦૯, રવિવારે તપસ્વીઓનું બહુમાન તથા તેજસ્વી વિદ્યાર્થીનું અભિવાદન સમારોહ યોજાયેલ.

તેમા લગભગ ૭૦ તપસ્વી તથા તેજસ્વી વિદ્યાર્થીઓનું મંડળના ઉપપ્રમુખ શ્રી બિપિનચંદ્ર નેમચંદ શાહ તથા અતિથિ વિશેષ બેંક ના ડાયરેક્ટર શ્રી નિતિનભાઈ કાંતિલાલ શાહ અને શ્રી સુર્યકાંત મણીલાલ શાહ ના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું.

મંડળના પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ કેશવલાલ શાહ ચાંદીના સિક્કાના સૌજન્ય દાતા રહેલ. તદ્ઉપરાંત શ્રી પાટણ બેંક તથા ગોરેગામ ના ભાઈઓ તરફ થી સહયોગ મળ્યો હતો. ત્યારબાદ સૌ અલ્પાહાર ને ન્યાય આપીને છુટા પડયા હતા.

❑ **શ્રી મલાડ-કાંદીવલી પાટણ જૈન મિત્ર મંડળ દ્વારા** આયોજિત રાસ-ગરબા હરીફાઈ ઓરકેષ્ટ્રા V. J. Beats, વિરાજ શાહ (વસાવાડો), સાંજના જમણ સાથેનો કાર્યક્રમ તા. ૮-૧૧-૦૯ રવિવાર ના રોજ, બોરીવલી, સીંપોલી લેન, મેઝેસ્ટીક હોલમાં દરેક ના સુંદર સહકાર દ્વારા પરીપૂર્ણ થયો. રાસ-ગરબા માં ઇનામ વિતરણ રાકેશ ચંપકલાલ શાહ તરફથી તથા વિદ્યાર્થીઓ અને તપસ્વીઓનું બહુમાન નો લાભ વિપિનચંદ્ર મફતલાલ શાહ પરીવારે લીધો હતો. તેમજ પાટણ કો. ઓપરેટીવ બેંક નો સહકાર મળ્યો. તે બદલ અમો કમિટિ મેમ્બર દાતાઓ તથા મંડળ ના સભ્યોનો આભાર માનીએ છીએ.

❑ **મરીન ડ્રાઈવ સ્નાત્ર** પર્યટન મંડળે, દિવાળીની રજામાં M.P. નાં તીર્થોની યાત્રા પ્રવાસ યોજ્યો, તેમાં ૧૧૦ યાત્રાળુ તા. ૧૪-૧૦-૦૯ સાંજના અવંતીકા ટ્રેનમાં પ્રયાણ કર્યું. સારી રીતે મોહનખેડા, ભોપાવર અને અન્ય તીર્થોની જાત્રા કરીને ત્યાંથી જયપૂર એક્સપ્રેસથી તા. ૨૨ ની સવારે મુંબઈ સુખરૂપ આવ્યા.

યાત્રામાં વ્યવસ્થા ખૂબજ સારી હતી. ૩ ટાઈમ ભોજનની વ્યવસ્થા હતી. કમલેશભાઈ- અરવિંદભાઈ અને સ્નાત્ર મંડળની કમીટીએ યાત્રાનું આયોજન કરેલ.


LIC Agent, IPO
Mahalaxmi Matano Pado
All Mutual Funds, Agent

Tel. : 2898 2102
Cell : 98212 83404
92247 75558

**Deepak A. Shah** (B.Com)

INVESTMENT CONSULTANT
Trading of Shares, RBI Relief Bond, Co.'s Deposits, & Postal Schemes

203, Vishal No. 2, Opp. Soni Wadi, Off Shimpoli Road, Borivali (W), Mumbai - 400 092.

જા X ખ


❑ **સૌરભ લેડીઝ ક્લબ - વિલેપાર્લે (વે.)** ઉપરોક્ત સંસ્થા તરફથી તા. ૧૬-૯-૨૦૦૯ ના રોજ ગાંધી ચોક ખાતે એક પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. **'મોક્ષ મારો હથેળીમાં'** આ વિષય પર શ્રીમતી ભારતીબેન બી. શાહ નું પ્રવચન રાખવામાં આવ્યું હતું. તેઓએ ખૂબ જ સુંદર અને સરળ શૈલીમાં ચિંતન-મનનીય પ્રવચન આપ્યું હતું. પ્રમુખ શ્રીમતી વસુબેન શાહે, ભારતીબેન શાહનો પરિચય આપ્યો હતો. શ્રીમતી ઈન્દુબેન ચુડગરે સંસ્થા તરફથી તેમને ફુલનો બુકે આપી, ચાંદીનો મોમેન્ટો આપીને સન્માન કર્યુ હતું. શ્રીમતી કલ્પના શાહે આભાર વિધિ કરી હતી. અલ્પાહારને ન્યાય આપી સૌ બ્હેનો છુટાં પડયા હતાં.

તા. ૧૬-૧૧-૦૯ નાં રોજ આ વર્ષનો અંતિમ પ્રોગ્રામ ભાઈદાસ હોલ ખાતે કાનજી વી કાનજી નાટક રાખેલ તા. ૮ જાન્યુ. ૨૦૧૦ નો પહેલો પ્રોગ્રામ પાર્લા-ઈસ્ટ ખાતે હોટલ અદિતિમાં લંચનો રાખવામાં આવ્યો છે. બ્હેનોએ નવા વર્ષનું લવાજમ ભરી લેવાની વિનંતી છે.

❑ **શ્રી વિલેપારલા પાટણ જૈન મિત્ર મંડળનો** વાર્ષિક કાર્યક્રમ તા. ૩-૧-૨૦૧૦ ના રવિવારે સવારના નવીનભાઈ ઠક્કર હોલ ખાતે રાખવામાં આવ્યો છે. જેની વિગતવાર માહીતી પરિપત્ર દ્વારા જણાવવામાં આવશે.

વિલેપારલામાં નવા રહેવા આવનાર પટણીઓ પણ આમાં ભાગ લઈ શકશે. જે સભ્યો નવા આવ્યા હોય તેઓ સરનામું અને ફોન નંબર નીચે જણાવેલ કાર્યકર્તાને ફોન કરી જણાવવા વિનંતી

શ્રી જનક અરવિંદભાઈ શાહ ફોન નં. - ૯૮૨૦૦૬૪૬૬૮
શ્રી દાનેશ વિનોદભાઈ શાહ ફોન નં. - ૯૩૨૪૨૧૧૯૮૫
શ્રી અરવિંદભાઈ મંગળદાસ શાહ ફોન નં. - ૨૬૧૪૮૯૬૦

## 卐 લગ્ન સંબંધી 卐

| | | |
|---|---|---|
| **યુવતીનું નામ** | : | *ડીનલ કૌશીક શાહ* |
| **માતા-પિતા** | : | પારૂ - કૌશીક ચંપકલાલ શાહ |
| **જન્મ તારીખ** | : | 2-10-83 ● Hight : 5'.3" |
| **અભ્યાસ** | : | B.S. (Mumbai Univercity) ETC<br>M.S. In Electronics R.I.T (U.S.A.) |
| **Job** | : | Xerox - Rochestor N. Y. (U.S.A.) |
| **મહોલ્લો** | : | મણિયાતિપાડો - વીશાશ્રીમાળી |
| **રહેઠાણ** | : | ૧૦૮/ ૧૮ જવાહર નગર<br>ગોરેગામ (વેસ્ટ), મુંબઈ - ૬૨ |
| **Contact** | : | **(M) 9820812942 (R) 28723319** |

***ડિસેમ્બર ૨૨ થી જાન્યુઆરી ૧૦ મુંબઈ આવી રહી છે.***
***અમેરીકા રહેવા ઇચ્છિત યુવકના વડીલ સંપર્ક કરે.*** જા X ખ

## અભિનંદન

❑ **શ્રી અખીલ ભારતીય રાજીવ ગાંધી બ્રીગેડ મુંબઈ**, પ્રદેશ આયોજિત રાજીવ ગાંધી બ્રીગેડ એવોર્ડ એનાયત અને સંગીત સંધ્યાનો એક કાર્યક્રમ તા. ૧૪-૧૧-૨૦૦૯ ના ભાઈદાસ સભાગૃહ વિલેપાર્લે ખાતે યોજાયેલ. જેમાં સ્પોટર્સ, સંગીત, સાંસ્કૃતિક, વ્યાપારિક અને સામાજિક ક્ષેત્રે શ્રેષ્ઠ યોગદાનને અનુલક્ષીને **''ડાયમંડ રત્ન સદભાવના એવોર્ડ'' શ્રી રોહીતભાઈ મહાસુખલાલ શાહ** (મરીન ડ્રાઈવ, મારફતીયા મહેતાનો પાડો) ને એનાયત કરવામાં આવેલ છે. જે બદલ હાર્દિક અભિનંદન.

શ્રી રોહીતભાઈ મંડળના માનદમંત્રી (ફાઈનાન્સ) ઉપરાંત અનેક સમિતીઓમા સક્રિય રીતે કાર્યરત છે. મંડળ ઉપરાંત અનેક સંસ્થાઓ અને એસોશીએસનો સાથે સક્રિયપણે સંકળાયેલા છે. આવા ઉત્સાહી અને યુવાન કાર્યકર સફળતાના અનેક શિખરો સર કરે તેવી શુભેચ્છા.

❑ **ભગવાન મહાવીર સેવા સંઘ** આયોજીત વિશ્વ નવકાર વર્ષ ૨૦૦૯ ની ઉજવણી દરમીયાન તા. ૯-૯-૨૦૦૯ ના યોગી સભાગૃહ, દાદર ખાતે **શ્રીમતી જસવંતીબેન જયંતીલાલ શાહ** (મરીન ડ્રાઈવ, મારફતીયા મહેતાનો પાડો) (ઉ. વ. ૮૮) ને સાડા ત્રણ કરોડથી અધિક નવકાર જપની આરાધના બદલ **'પરમેષ્ઠી રત્ન'** એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે તે બદલ અભિનંદન.

❑ શ્રી નરેશ બાબુભાઈ વીરચંદ શાહના સુપુત્રે **ચિ. નીરવમે** બેલ્જીયમ ખાતે ઓગષ્ટ-૨૦૦૯ ની ક્રિકેટ ટીમમાં કેપ્ટનશીપ મેળવી હતી અને તેમનાં નેતૃત્વમાં ટીમે વિજય મેળવ્યો હતો તે બદલ અભિનંદન.

❑ શ્રી ચંદ્રકાંતભાઈ અમૃતલાલ શાહ (વાલકેશ્વર-ભાભાનો પાડો) ની પૌત્રી **ચિ. ક્રિસ્મા** પીનાકીન શાહ ૨૦૦૯ ની ICSE બોર્ડની પરીક્ષામાં સમગ્ર પાટણ જૈન સમાજમાં સર્વાધિક ૯૭.૧૪% ગુણ મેળવી ઉતિર્ણ થયેલ છે. સાથોસાથ ગુજરાતી વિષયમાં ૯૫% મેળવી આગલી હરોળનું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. તે બદલ અભિનંદન.

## મુરઝાયેલ મુંબઈ

*મુંબઈ ..... એટલે ધનોપાર્જનનું શહેર,*
*કેળવણી અને કૌશલ્યતાનું શહેર,*
*કચકડે કંડારાતી કહાનીઓનું શહેર,*
*મનોરંજન અને મહેફિલોનું શહેર,*
*સભાઓ અને સીનેમાગૃહોનું શહેર,*
*દિનરાત માનવોથી ઊભરાતું શહેર,*
*ગલીએ ગલીએ ગોરખધંધાનું શહેર,*
*જેમા ભળ્યો તે' દિ આંતકનો કહેર,*
*આવ્યા પરદેશથી જીહાદીઓ મુઠ્ઠીભેર*
*વરસાવી ખુલ્લેઆમ કારતુસો ઠેરઠેર*
*સ્ટેશન-હોટલ કે હોય રહેઠાણ*
*માનવ લાશોના ખડકાયા ઢેર*
*પોલીસ-કમાન્ડો પડયા ઠુણા કમજોર*
*અને થંભ્યુ સદાય જાગતુ શહેર*
*છેવટે વહારે આવી NSG ની વણઝાર*
*ત્યારે ત્રણ દિવસે જોવા મળી સવાર*
*થયુ બેઠુ શહેર પુનઃ ધબકવા જોશભેર*
*પણ... હે મન! ક્યાંથી લાવીશુ*
*શહાદતને વરેલા હેમંત કરકરે જેવા શેર*

*મિત્રો, જરા વિચારો તો ખરા*
*શું આમ જ કોઈ આવી બહારથી*
*રગડશે આપણા સૌનુ આ શહેર*
*અને આપણે ધરી હાથ ઉપર હાથ*
*બેસી રહીશુ સૌ સૌના ઘેર ?*

*નોંધ : તા. ૨૬-૧૧-૦૮ ના થયેલ મુંબઈ ખાતેના આતંકવાદી હુમલામાં શહાદતને વરેલા શહીદોને પ્રથમ વરસીએ શ્રધ્ધા સુમન.....*

***જ્ઞાનેશ લાપસીયા***

**શ્રદ્ધાંજલિ** : સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના અવસાનની સખેદ નોંધ લેતા, તેઓના કુટુંબીજનોના દુ:ખમાં સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને ચિ:રશાંતિ અર્પો એજ પ્રાર્થના.

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | ઉંમર | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશાશ્રીમાળી | વખારનો પાડો | સુભદ્રાબેન રસિકલાલ શાહ | ૯૪ | સુરત | ૨૫-૦૮-૨૦૦૯ | શ્રાવણ સુદ-૪ |
| દશાશ્રીમાળી | વસાવાડો | ડૉ. નરેન્દ્રભાઈ જમનાદાસ શાહ | ૭૫ | વડોદરા | ૧૨-૧૦-૨૦૦૯ | આસો વદ-૯ |
| વિશાશ્રીમાળી | કનાસાનો પાડો | શાંતાબેન કાંતીલાલ શાહ | ૮૭ | કલકત્તા | ૧૪-૧૦-૨૦૦૯ | આસો વદ-૧૧ |
| દશાઓશવાલ | ખડા ખોટડીનોપાડો | દર્શક ચીનુભાઈ શાહ | ૫૦ | મુંબઈ | ૨૧-૧૦-૨૦૦૯ | કારતક સુદ-૩ |
| દશાશ્રીમાળી | કેશુશેઠનો પાડો | ફતેહચંદ જેશીંગલાલ શાહ | ૮૨ | મુંબઈ | ૨૯-૧૦-૨૦૦૯ | કારતક સુદ-૧૧ |
| વિશાશ્રીમાળી | ભાભાનો પાડો | ભરતભાઈ કેશવલાલ શાહ | ૬૧ | બેંગકોક | ૧૧-૧૧-૨૦૦૯ | કારતક વદ-૧૦ |

## આભાર સ્વીકાર

**મંડળના જુદા જુદા ફંડોમાં અને પ્રવૃત્તિઓમાં, સ્વેચ્છીક રીતે નાણાંકીય ભેટની રકમ આપવા બદલ, સર્વે શુભેચ્છકો પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવે છે.**

### સમાજ વિકાસ ફંડ

૧,૨૦,૦૦૦/-શ્રી શાંતિલાલ રિખવચંદ શાહ
હ. શ્રી દિનેશભાઈ શાંતીલાલ શાહ (કોકાનોપાડો)

૧,૧૧,૧૧૧/-શ્રી રાજેન્દ્રભાઈ અંબાલાલ ઝવેરી (ડંકમહેતાનો પાડો)

### વિકલાંગ ઉત્કર્ષ દત્તક યોજના

૧,૦૮,૦૦૦/- એક સદગૃહસ્થ

### શ્રીમતી નિર્મળાબેન રીખવચંદ શાહ સ્ત્રી ઉદ્યમ તાલીમ પ્રોત્સાહન ફંડ

૧,૧૬,૦૦૦/- શ્રી શાંતિલાલ રિખવચંદ શાહ
હ. શ્રી દિનેશભાઈ શાંતીલાલ શાહ (કોકાનોપાડો)

### વૃધ્ધજન સહાય તથા મેડીકલ સહાય ભેટ

૧,૦૦,૦૦૦/-શ્રી દક્ષેશભાઈ જીતેન્દ્રભાઈ શાહ (લીમડીનો પાડો) સ્વ. શ્રી કાંતીલાલ વાડીલાલ શાહ તથા શ્રીમતી શાંતાબેન કાંતીલાલ શાહના સ્મરણાર્થે

૧,૦૦૧/- શ્રી નિલયભાઈ નરેન્દ્રભાઈ શાહ (મણીયાતીપાડો)

### વિકલાંગ ઉત્કર્ષ ભેટ

| | |
|---|---|
| ૨૫,૦૦૦/- | શ્રી બાબુ અમીચંદ પનાલાલ આદેશ્વર જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ |
| ૨૫,૦૦૦/- | શ્રીમતી વિમળાબેન પ્રમોદભાઈ |
| ૧૦,૦૦૦/- | શ્રીમતી ઈન્દીરાબેન ભણસાલી |
| ૫,૦૦૦/- | શ્રી ચીનુભાઈ બાબુલાલ શાહ, સ્વ. શ્રી દર્શકભાઈના સ્મરણાર્થે (ખડાખોટડીનો પાડો) |
| ૫,૦૦૦/- | શ્રીમતી રાજુલબેન કિરણભાઈ |
| ૫,૦૦૦/- | શ્રીમતી અલ્કાબેન પ્રદીપભાઈ |
| ૫,૦૦૦/- | શ્રી પ્રકાશભાઈ ડાહ્યાભાઈ |
| ૫,૦૦૦/- | શ્રી કીર્તિભાઈ પોપટલાલ |
| ૫,૦૦૦/- | શ્રી પોપટલાલ કોદરલાલ |
| ૫,૦૦૦/- | શ્રી ચીનુભાઈ પ્રેમચંદ |
| ૩,૦૦૦/- | શ્રી હીરાચંદ દલછાચંદ |
| ૨,૫૦૦/- | શ્રીમતી રમીલાબેન શાંતીચંદ |
| ૨,૫૦૦/- | શ્રીમતી કિરણબેન કોઠારી |
| ૨,૫૦૦/- | શ્રીમતી વસંતબેન જેઠાલાલ |
| ૨,૫૦૦/- | શ્રી ભવ્ય અજીતભાઈ |
| ૨,૫૦૦/- | શ્રીમતી ઉષાબેન અજીતભાઈ |
| ૨,૫૦૦/- | શ્રીમતી નીનાબેન ઝવેરી |
| ૨,૦૦૦/- | શ્રીમતી સદગુણાબેન નાનુભાઈ ઝવેરી |
| ૨,૦૦૦/- | શ્રી વસંતભાઈ મેપાણી |
| ૧,૦૦૦/- | શ્રી રમાબેન મોતીલાલ ઝવેરી |
| ૧,૦૦૦/- | ડૉ. છોટાલાલ એન. શાહ |

### વૃધ્ધજન સહાય ભેટ

| | |
|---|---|
| ૫,૦૦૦/- | શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ (વસાવાડો) સ્વ. શ્રીમતી પદમાબેન મહેન્દ્રભાઈ શાહના સ્મરણાર્થે |
| ૧,૧૧૧/- | શ્રીમતી શારદાબેન ચંદુલાલ શાહ (લીમડીનો પાડો) સ્વ. શ્રીમતી સુભદ્રાબેન રસિકલાલ શાહના આત્મ શ્રેયાર્થે (વખારનો પાડો) |

### આર્થિક સહાય ભેટ

| | |
|---|---|
| ૫,૦૦૧/- | શ્રીમતી વિજયાબેન હરેશભાઈ ઝવેરી સ્વ. ડૉ. શ્રી હરેશભાઈ મણીલાલ ઝવેરીના સ્મરણાર્થે (વસાવાડો) |
| ૧,૦૦૧/- | શ્રી હરિવિક્રમભાઈ અંબાલાલ સાલવી સ્વ.શ્રી જમનાબેન પૂનમચંદ સાલવી પરિવાર (સાલવીવાડો) અમદાવાદ મુકામે આચાર્યશ્રી સિધ્ધિ સુરીશ્વરજી (બાપજમાં) સમુદાયના સાધ્વીજી શ્રી વિનયસા શ્રીજી મ. સા. કાળધર્મ પામ્યાતે નિમિત્તે |

### દવા સહાય ભેટ

| | |
|---|---|
| ૫૦૧/- | શ્રી મુકેશભાઈ કાંતીલાલ શાહ સ્વ. શ્રીમતી શાંતીબેન કાંતીલાલ શાહના સ્મરણાર્થે |
| ૫૦૦/- | શ્રી જગદીશભાઈ રમણલાલ શાહ |

### શ્રી હેલ્થકેર સાધન ભેટ

| | |
|---|---|
| ૨૦૦૦/- | શ્રી ખાન જીલ્લાસન |
| ૧૪૦૦/- | શ્રી તેજુમલ રાજુમલ ભાટીયા |
| ૧૦૦૧/- | શ્રી ગુરૂનાથ એ. પંગમ |
| ૧૦૦૦/- | શ્રીમતી વસંતબેન જી. શ્રોફ |
| ૧૦૦૦/- | શ્રી પ્રતાપભાઈ હરિચંદ મહેતા |
| ૧૦૦૦/- | શ્રી કનકભાઈ જેઠાલાલ શાહ |


An Unique Collection of Antique - Jadutar -Diamond and Gold Jewellery

**SURESH JEWELLERS**
(ULKA & SURESH JHAVERI)
Samrat Comp. Choice Gully,
Off. C. G. Road, Ahmedabad

Phone : 079 - 26465864 - 26408800
જા x ખ



**ચોધરીની શેરીમાં ઘર વેચવાનું છે.**
પંદર વર્ષ જુનું, ગ્રાઉન્ડ ફ્લોર તેમજ ૨.૫ માળનું આસરે **૧૬૦૦ સ્કે. ફીટનું, ચોધરીની શેરી અને પોળની શેરીમાંથી ઘરમાં દાખલ થવાના બન્ને બાજુ દરવાજા છે.**
: Contact :
Mobile : 9322881722
જા x ખ

સુસંસ્કૃત સમાજના સન્નિષ્ઠ સાન્નિધ્ય થકી,
શિક્ષણ, સ્વાવલંબન અને તબીબી સહાયનો સમન્વય.

શ્રી પાટણ જૈન મંડળ

# સમાજ વિકાસ ફંડ

એક નૂતન અભિગમ અને અનન્ય અભિયાન

## મુખ્યદાતા

બાબુ પનાલાલ પુનમચંદ ચેરીટેબલ ફંડ, ખજુરીનો પાડો
બાબુ સાહેબ નાનકચંદજી પુરણચંદજી ટ્રસ્ટ, ખજુરીનો પાડો
બાબુ જીવનલાલ પનાલાલ ટ્રસ્ટ, ખજુરીનો પાડો
શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ, મલ્લાતનો પાડો
શ્રી સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટ, કુંભારીયા પાડો
શ્રી મફતલાલ ચુડઘર ચેરીટેબલ ટ્રસ્ટ, ચોધરીની શેરી
શ્રીમતી કુસુમબેન રસિકલાલ શાહ, ડંક મહેતાનો પાડો
શ્રીમતી હંસાબેન રમેશચંદ્ર પોપટલાલ શાહ, હ. શ્રી જીતેનભાઈ, કનાસાનો પાડો
શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, કુંભારીયા પાડો
શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ, ચીતારાની ખડકી
શ્રી શાંતિલાલ રિખવચંદ શાહ, કોકાનો પાડો
શ્રી મહેશ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, ચોધરીની શેરી
શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાળા, હ. શ્રી દાનેશભાઈ, કનાસાનો પાડો
શ્રી નવીનચંદ્ર ખુબચંદ શાહ, ઢંઢેરવાડો
શ્રી અશોકભાઈ પોપટલાલ શાહ, હ. શ્રી ચિરાગભાઈ, કનાસાનો પાડો
શ્રીમતી જીનબાળાબેન હસમુખલાલ શાહના સ્મરણાર્થે,
હ. શ્રીમતી કનકબેન કેતનભાઈ શાહ, ઢંઢેરવાડો
શ્રી પ્રવિણચંદ્ર વૃજલાલ શાહ (મંત્રી),
હ. શ્રી વિરેશ પ્રવિણચંદ શાહ, કનાસાનો પાડો
શ્રી હેમંતભાઈ કાંતીલાલ સાલવી, સાલવીવાડો
શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી, મનમોહનજીની શેરી

## આધારસ્તંભદાતા

શ્રીમતી ગુણવંતીબેન પ્રવીણચંદ્ર કેશરીચંદ શાહ, ઢંઢેરવાડો
શ્રીમતી સુભદ્રાબેન ભોગીલાલ ઝવેરી (સાહેબા), ચોધરીની શેરી
શ્રીમતી પુષ્પાબેન સેવંતીલાલ શાહ, ડંક મહેતાનો પાડો
શ્રી નવીનભાઈ નેમચંદભાઈ શાહ (ગુંદરવાળા), વાસુપૂજ્યની શેરી
શ્રી સુધીરભાઈ નવીનચંદ્ર શાહ, મારફતીયા મહેતાનો પાડો
શ્રી હિતેનભાઈ ચંપકલાલ વીમાવાળા, ખેતરવસી
શ્રી રાકેશભાઈ કાંતીલાલ શાહ, સ્વ. શ્રી ગીતાબેનના સ્મરણાર્થે, ચોપાટી
બાબુ અમીચંદજી પનાલાલજી ચેરીટેબલ ટ્રસ્ટ, ખેતરવસી
શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ, કપુર મહેતાનો પાડો
શ્રી રાજેન્દ્રભાઈ અંબાલાલ ઝવેરી, ડંક મહેતાનો પાડો
શ્રીમતી સરલાબેન વિજયભાઈ હીરાલાલ શાહ, કસુંબીયાવાડો
શ્રીમતી મહાસુખલાલ કેશવલાલ શાહ, હસ્તે શ્રી. પંકજભાઈ,
શ્રી રોહીતભાઈ, શ્રી ભરતભાઈ, (મારફતીયા મહેતાનો પાડો)

## સહાયકદાતા

શ્રી જે.કે. શાહ, ભાભાનો પાડો
શ્રી પ્રદીપભાઈ લક્ષ્મીચંદ ઝવેરી, કોબે-જાપાન
શ્રી વર્ધમાનભાઈ નગીનદાસ શાહ, કેશુશેઠનો પાડો
શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત શાહના સ્મરણાર્થે, પોળનીશેરી
ડૉ. જયંતિલાલ મણિલાલ પટણીના સ્મરણાર્થે, મનમોહનજીની શેરી
શ્રી મણીલાલ સરૂપચંદ શાહ (દેવડાવાળા) પરિવાર, લીમડીનો પાડો
શ્રી રમેશભાઈ સનાલાલ શાહ, મલ્લાતનો પાડો
શ્રીમતી સુરેખાબેન મહેશભાઈ શાહ, ખેતરવસી
શ્રી દિપકભાઈ મોહનલાલ શાહ, મહાલક્ષ્મીમાતાનો પાડો

**સમાજ વિકાસ ફંડ વાર્ષિક રકમ**

| | |
|---|---|
| મુખ્ય દાતા | રૂા. ૩ લાખથી વધુ |
| આધારસ્તંભદાતા | રૂા. ૩ લાખથી ૧ લાખ |
| સહાયકદાતા | રૂા. ૧ લાખથી ૨૫ હજાર |
| શુભેચ્છકદાતા | રૂા. ૨૫ હજારથી ઓછી |

## શ્રી પાટણ જૈન મંડળ
## મેડીકલ સેમીનાર

**"સુખી સમાજ - સ્વસ્થ સમાજના"** સુત્રને સાર્થક કરવાના શુભ આશયથી.મંડળની મેડીકલ સમિતિ દ્વારા સમાજના ભાઈ-બહેનો માટે મેડીકલ સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે.

**દિનાંક** : રવિવાર, તા. ૧૦-૦૧-૨૦૧૦
**સમય** : સવારે ૧૦. ૦૦
**સ્થળ** : શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ,
૭૭, પાટણ જૈન મંડળ માર્ગ,
મરીન ડ્રાઈવ, મુંબઈ - ૪૦૦ ૦૨૦.
**વિષય** : આર્થરાઈટીસ
**વક્તા** : ડૉ. અરૂણભાઈ મુલ્લા

આ સેમીનારમાં આર્થરાઈટીસ થયા પૂર્વેની સંભાળ તથા થયા બાદના ઉપચાર અંગેની વિસ્તૃત માહીતી 'સ્લાઈડ શો' દ્વારા આપવામાં આવશે. આ અંગેની વધુ વિગતો આગામી અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

**નોંધ : અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.**

❑ મેડીકલ સમિતિ

*Publisher & Printer :* **SHREE PATAN JAIN MANDAL,** *Printed at :* **RAJESH PRINTERY,** 115, Pragati Industrial Estate, 316, N.M. Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Bhavin Gandhi : ☎ 23012496 / 9867540524. *Published by :* Shree Patan Jain Mandal, 77, Marine Drive, Mumbai - 400 020. *Editor :* **BHARTIBEN BHAGUBHAI SHAH.**